તંત્રી-ઉહાન
સંવત-૧૧
વર્ષ-૪૮
અંક-૧
[ ૫૭૩ ]

વીર સંવત ૨૫૧૭
સં. ૨૦૪૭
JULY
A.D. 1991





શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# પુણ્યતત્ત્વ, આસ્રવતત્ત્વ તથા સંવરતત્ત્વનું સ્વરૂપ

[ શ્રી નાટક-સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં.–૬ )

શ્રી નાટક સમયસારજી શાસ્ત્રની આ ઉત્થાનિકા ચાલે છે, તેમાં જીવ અને અજીવનું વર્ણન આવી ગયું, હવે પુણ્યતત્ત્વનું વર્ણન શ્લોક ૨૮મા કહે છે.

जो विशुद्धभावनि बंधै, अरु उरधमुख होइ ।
जो सुखदायक जगतमैं, पुन्य पदारथ सोइ ॥ २८ ॥

'વિશુદ્ધભાવ'નો અર્થ શુદ્ધભાવ પણ થાય છે અને શુભભાવના અર્થમાં પણ વપરાય છે. અહીં વિશુદ્ધભાવ કહીને શુભભાવનો અર્થ લેવો છે. જેમાં રાગની મંદતા છે તે શુભભાવ છે, તેનાથી પુણ્ય બંધાય છે. દયા, દાન, ભક્તિ, પૂજા આદિ શુભભાવો છે, પુણ્યબંધનું કારણ છે પણ તેનાથી ધર્મ થતો નથી.

પુણ્ય ઊર્ધ્વગતિનું કારણ છે માટે તેને ઉરધમુખ કહ્યું છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે કે પાપ અધોગતિનું કારણ છે અને પુણ્ય ઊર્ધ્વગતિનું કારણ છે અને પુણ્ય તો મોક્ષમાર્ગનું અનુસારી છે એમ કહ્યું છે તે કેવી રીતે? અને ક્યારે?—કે, એ શુભભાવના વિકલ્પથી ભિન્ન પડીને સ્વરૂપની દૃષ્ટિ કરે ત્યારે શુદ્ધતા પ્રગટે છે ત્યારે એ શુભભાવને ઊર્ધ્વગતિનું કારણ કહેવામાં આવે છે.

વળી, તેમાં લખ્યું છે કે, શુભભાવ જરૂર ઊર્ધ્વમુખ કરે. કારણ કે, જીવ એકેન્દ્રિયમાંથી બહાર આવે છે તે પુણ્યભાવથી જ બહાર આવે છે. બેઇન્દ્રિય, ત્રેઇન્દ્રિય,

કાગડા, કૂતરા આદિ જીવો મનુષ્ય આદિ ઊંચી ગતિમાં આવે છે તે પણ રાગની મંદતાથી જ આવે છે માટે પુણ્યને ઊર્ધ્વમુખ કહ્યું છે, તેથી તે ઊંચી ગતિનું કારણ છે પણ ધર્મ નથી. શુભભાવ તે મોક્ષમાર્ગ નથી, બંધનું જ કારણ છે પણ અહીં શુભભાવમાં શુદ્ધતાનો અંશ સિદ્ધ કરવો છે એટલે તેને ઊર્ધ્વતાનું કારણ કહ્યું છે, પણ તે ધર્મ નથી.

ભગવાન આત્મા તો અબંધસ્વરૂપ છે. ચૈતન્યમૂર્તિ જ્ઞાનઘન, રાગ અને કર્મના લેપ વિનાની ચીજ છે. સ્વયં મુક્તસ્વરૂપ જ છે. મુક્તસ્વરૂપ ન હોય તો મુક્તિની પર્યાય પ્રગટે ક્યાંથી? લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાશ ભરેલી જ છે તે ઘસવાથી બહાર આવે છે. કાંઈ પથ્થરમાંથી તીખાશ આવતી નથી. તેમ શક્તિએ તો આત્મા મુક્તસ્વરૂપ જ છે, તે પૂર્ણમુક્તસ્વરૂપના આશ્રયે પર્યાયમાં મુક્તિ પ્રગટ થાય તેને સિદ્ધદશા, મુક્તદશા અથવા નિર્વાણ કહે છે. એ મુક્તદશા દ્રવ્યમાંથી જ આવે છે કાંઈ બહારથી આવતી નથી.

પુણ્યથી સ્વર્ગાદિની સન્મુખ થાય છે પણ કર્મનું ટળવું તેનાથી થતું નથી. जो सुखदायक जगतमें સંસારમાં પુણ્ય અને તેના ફળને સુખદાયક ગણવામાં આવે છે. અનુકૂળ સંયોગો મળે, પાંચ દશ કરોડ રૂપિયા મળે, મોટર-ગાડીઓ મળે, નોકર-ચાકર મળે તેથી જગતમાં તેને સુખદાયક ગણ્યું છે પણ તે બંધનું જ કારણ છે, મુક્તિનું કારણ નથી, માટે આત્માને તે સુખદાયક નથી.

મુમુક્ષુ :—પુણ્યને અહીં सुखदायक કહ્યું ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :— ભાષા જુઓ—જો સુખદાયક જગતમેં... જગતના જીવો તેને સુખદાયક માને છે. આબરૂ, કીર્તિ, મકાન, સ્વર્ગાદિ મળે તેમાં સંસારી જીવોને સુખ લાગે છે. સ્વર્ગને અમર કહેવાય છે ને! કેમ કે, ત્યાં અસંખ્ય અબજ વર્ષનું આયુષ્ય છે તેથી સાધારણ પ્રાણીને તો સ્વર્ગ જ વૈકુંઠ, અક્ષરધામ લાગે છે. અહીં મનુષ્યમાં પણ રાજા શેઠિયા આદિના વૈભવો એવાં હોય છે કે, ગરીબ માણસ તો તાકીને જોતો જ રહે! પણ એમાં સુખ નથી ભાઈ! જેના ફળમાં એવા સુખ મળે તેવા શુભભાવ તો તેં અનંતવાર કર્યા છે. અનંતવાર નવમી ગ્રૈવેયકે જઈ આવ્યો [illegible] તેમાં સાચું સુખ ક્યાં છે! અનંતકાળમાં શુભક્રિયા તો ઘણી કરી, નગ્ન દિગંબર દ્રવ્યલિંગી સાધુ થયો, એક લંગોટીનો પરિગ્રહ પણ નહિ પણ રાગથી રહિત આત્માનું શરણ ન લીધું, રાગની ક્રિયાનું શરણ લીધું.

મુનિવ્રતધાર અનંતબાર ગ્રૈવેયક ઉપજાયો,
પૈ નિજ આતમ-જ્ઞાન બિના, સુખ લેશ ન પાયો.

સચ્ચિદાનંદ પ્રભુ મારો આત્મા પુણ્ય-પાપના વિકલ્પોથી રહિત શુદ્ધ આનંદકંદ છે એમ ભાસ્યું નહિ તેથી આટલી કડક શુભક્રિયા કરવા છતાં લેશ પણ સુખ ન પામ્યો.

'જો સુખદાયક જગતમેં, પુન્ય પદારથ સોઈ.' શબ્દો કેવા વાપર્યા છે. હોશિયાર કવિ છે ને! તેના શબ્દોમાં કાંઈ ફેર ન પડે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપાદિ પુણ્યભાવ છે. તે ધર્મ પણ નથી અને તે આત્મપદાર્થ પણ નથી.

જીવ અને અજીવ-જડ આ બે વસ્તુઓનું પહેલાં વર્ણન કર્યું. હવે તેની સાત પર્યાયોનું વર્ણન કરે છે. તેમાં પુણ્ય-પાપ, આસ્રવ અને બંધ આ ચાર વિકારી પર્યાય છે તે જીવ અને પુદ્‌ગલના સંબંધથી થાય છે અને સંવર, નિર્જરા અને મોક્ષ નિર્વિકારી પર્યાય છે તે જીવ અને પુદ્‌ગલના સબંધના અભાવથી અને જીવના પુરુષાર્થની જાગૃતિથી તથા સ્વસન્મુખતાથી પ્રગટ થાય છે.

સૌ પ્રથમ જીવતત્ત્વને વર્ણવ્યું તે તો મુખ્ય વસ્તુ છે. જ્ઞાયક, ભગવાન આત્મા સુખરૂપ છે. ચૈતન્યસ્વભાવી, વેદન કરનારો છે તે જીવ છે અને શરીર, વાણી, મન, પૈસા, મકાન, કર્મ આદિ બધું જડતત્ત્વ છે. આ બેના સંબંધમાં જે દશા ઉત્પન્ન થાય છે તેમાંથી રાગની મંદતારૂપ વિશુદ્ધભાવ તે પુણ્યપદાર્થ છે. તેને જગતમાં રખડનારા મૂઢ જીવો સુખદાયક માને છે પણ તે જીવને સુખદાયી નથી. તે તો જીવની વિકારીદશા છે.

હવે ૨૯મા શ્લોકમાં પાપ પદાર્થનું વર્ણન છે.

संकलेश भावनि बंधै, सहज अधोमुख होइ ।
सुखदायक संसारमैं, पाप पदारथ सोइ ॥ २९ ॥

संकलेश ભાવ એટલે હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહ, ભોગ, ક્રોધ, માન, માયા, લોભ, આબરૂ, કીર્તિ આદિના જે ભાવ તે તીવ્ર મલિનભાવ છે માટે તેને સંક્લેશ-ભાવ કહેવાય છે. પુણ્યભાવ તે મંદ મલિનભાવ છે અને પાપભાવ તે તીવ્ર મલિનભાવ છે. આવા હિંસા આદિના પાપભાવ નવા મલિન કર્મ બંધાવાના કારણ છે.

જુઓ! કમાવાના ભાવ પણ પાપભાવ છે, તેનાથી નવાં પાપકર્મ બંધાય છે.

મુમુક્ષુ:—કમાવાથી પૈસા મળે તેને દાનમાં દેવાથી પુણ્ય બંધાય ને!

પૂજ્ય ગુરુદેવશ્રી:—પૈસામાં તૃષ્ણા મંદ પડે—રાગ મંદ થાય તો પુણ્ય બંધાય. કાંઈ પૈસાથી પુણ્ય બંધાતું નથી અને રાગની મંદતાથી પુણ્ય બંધાય તોપણ જગતના સુખ મળે તેનાથી આત્માને કાંઈ લાભ થતો નથી.

सहज अधोमुख होइ જેમ લોઢાના ગોળાને પાણીમાં મૂકો તો સહેજે નીચે જ જાય, તેને કાંઈ ભીંસ દેવી ન પડે. તેમ પાપભાવના ફળમાં જીવ સહેજે નીચી ગતિમાં જ જાય છે.

दुःखदायक संसारमें જ્યાં પ્રતિકૂળ સંયોગો મળે એવા સ્થાનમાં જ તે જાય. પાપના ફળમાં આવા સંયોગો જીવે અનંતવાર મેળવ્યા છે. पाप पदारथ सोई એટલે આવા સંક્લેશભાવ માઠા ભાવ તેને પાપપદાર્થ કહેવામાં આવે છે.

હવે આસ્રવતત્ત્વનું વર્ણન કરે છે. પુણ્ય-પાપ બંને ભાવ આસ્રવ છે તે નવા કર્મબંધનું કારણ છે.

जोई करम उदोत धरि, होइ क्रिया रसरत्त ।
करषै नूतन करमकौ, सोई आस्रव तत्त ॥ ३० ॥

आस्रव એટલે આવવું. જે ભાવથી નવાકર્મ આવે તેને આસ્રવ કહેવાય છે.

जोई करमउद्दोत धरि જ્યારે કર્મનો ઉદય આવે છે ત્યારે તેમાં જોડાણ થવાથી જીવને પુણ્ય અને પાપના ભાવ થાય છે. કર્મના ઉદયમાં યોગોની જે રાગ સહિત પ્રવૃત્તિ થાય છે તે નવીન કર્મોને ખેંચે છે તેને આસ્રવ પદાર્થ કહે છે.

ભગવાન આત્મા પોતાના જ્ઞાનાનંદસ્વભાવને ભૂલીને હિંસા, જૂઠ. ચોરીની પાપ પ્રવૃત્તિમાં કે દયા, દાન, ભક્તિ આદિ પુણ્ય પ્રવૃત્તિમાં રસપૂર્વક જોડાય છે ત્યારે નવા કર્મો બંધાય છે. કેમ કે, તે બંને રાગની ક્રિયા છે, આત્માની ધાર્મિક ક્રિયા નથી. પણ જીવોને શું ધર્મની ક્રિયા છે અને શું રાગની ક્રિયા છે તેની જ ખબર નથી. કર્મના ઉદયમાં જોડાતાં તો રાગની જ ક્રિયા થાય છે અને આનંદસ્વરૂપ આત્મામાં રસ જોડતાં ધર્મની-આનંદની ક્રિયા પ્રગટ થાય છે.

રાગના રસવાળી ક્રિયા કર્મોને ખેંચે છે તેથી નવા કર્મ બંધાય છે. હિંસા, જૂઠ આદિ તો રાગ છે જ પણ સમ્મેદશિખરની યાત્રા આદિ શુભક્રિયામાં રાગનો રસ છે તે કર્મને ખેંચવામાં નિમિત્ત છે, કર્મ ખરવામાં નિમિત્ત નથી એમ અહીં કહે છે. પણ તત્ત્વ શું છે એ તેના જ્ઞાનમાં આવતું નથી એટલે અનાદિથી ગડબડ ઊભી થઈ છે. શાસ્ત્ર ભણે, વાંચે, વિચારે પણ અંદરથી માન્યતામાં ગડબડ છે તે કાઢતો નથી.

ત્રિકાળી વસ્તુસ્થિતિ શું છે, વર્તમાનદશામાં વિકૃતિ શું છે, તે વિકૃતિ કેમ અટકે તેની અજ્ઞાનીજીવને ખબર નથી. આવા તત્ત્વની દૃષ્ટિ વગર ધર્મ થાય એમ ત્રણ-કાળમાં કદી બનતું નથી.

જે વડે નવા કર્મ ખેંચાય એવી હિંસા, જૂઠ, વિષય આદિ કે દયા, દાનાદિ શુભ-અશુભ ક્રિયાને આસ્રવતત્ત્વ કહે છે. હવે, ૩૧માં શ્લોકમાં સંવરતત્ત્વનું વર્ણન કરે છે.

સંવર એટલે રાગ-દ્વેષના, પુણ્ય-પાપના પરિણામ ઉત્પન્ન ન થવા અને આત્માના આશ્રયે નિર્મળદશા પ્રગટ થવી તેને સંવર કહે છે. ટૂંકામાં, 'રાગનું અટકવું અને

નિર્મળતાનું પ્રગટવું તે સંવર છે.' પુણ્ય-પાપના પરિણામ તે સંવર ન હતાં એ તો આસ્રવ હતાં-બંધના કારણ હતાં.

जो उपयोग स्वरूप धरि, वरतै जोग विरत्त ।
रोकै आवत करमकौं, सो है संवर तत्त ॥ ३१ ॥

સંવર એટલે ધર્મની નિર્મળ-પવિત્ર દશા. તે પવિત્ર દશાનું સ્વરૂપ શું?—जो उपयोग स्वरुप धरि પુણ્ય-પાપના વિકલ્પ વિના, શુદ્ધસ્વરૂપ આત્માનો ઉપયોગ ધરે, વ્યાપાર કરે તેને સંવર કહે છે. વ્રત લઈને બેસી જવાથી સંવર થતો નથી પણ તેનાથી ધર્મ માનવાથી તો ઉલટું મિથ્યાત્વ થાય છે.

આત્મા જાણનાર-દેખનાર ચૈતન્યબિંબસ્વરૂપ પ્રભુ છે તેનો પુણ્ય-પાપના ભાવ-રહિત, જાણવા-દેખવાનો શુદ્ધ-નિર્મળ વ્યાપાર તે સંવર છે. સચ્ચિદાનંદપ્રભુનો વીતરાગી-નિર્મળ ઉપયોગ—ચૈતન્યના આશ્રયે પ્રગટ થયેલો જાણવા-દેખવાનો જે નિર્મળ પરિણામ ઉપયોગને ધરે તે સંવરતત્ત્વ છે.

લોકોને આવું ધર્મનું સ્વરૂપ આકરું પડે છે જાણે મેરુપર્વત ઉપાડવો ન હોય! આમ ને આમ અનંત જિંદગીઓ ચાલી ગઈ. ધર્મ કોઈ'દિ કર્યો ન હતો પણ માનતો હતો કે હું ધર્મ કરું છું.

ઉપયોગથી ધર્મ અને ક્રિયાથી કર્મ એમ આવે છે ને! શુભ-અશુભભાવ તે રાગની ક્રિયા છે તેનાથી કર્મ આવે છે અને ઉપયોગે ધર્મ એટલે શુદ્ધ ચૈતન્યવસ્તુમાં અંતર એકાગ્ર થઈને જાણવા-દેખવાના શુદ્ધ પરિણામ પ્રગટ કરવા તેને શુદ્ધ ઉપયોગ કહે છે, તે જ ધર્મ છે અને તેને જ સંવર કહે છે. પહેલાં જે શુભ અને અશુભભાવ કહ્યાં તે આસ્રવતત્ત્વ છે અને જે શુદ્ધ ઉપયોગને ધારણ કરે છે તે સંવરતત્ત્વ છે.

वत्थुसहावो धम्मो। જાણવું, દેખવું અને આનંદ તે જીવનો અવિનાશી ત્રિકાળ સ્વભાવ છે તેમાં એકાકાર થઈને જાણવા--દેખવાના અને આનંદના શુદ્ધ પરિણામનું કરવું, થવું અને ધરવું તેને સંવર અથવા ધર્મ કહેવામાં આવે છે.

આ સંવર તે જીવની નિર્વિકારી દશા છે, દ્રવ્ય ગુણ નથી પણ નિર્મળ પર્યાય છે અને પુણ્ય-પાપ તથા આસ્રવ, બંધ તે વિકારી પર્યાય છે.

वरतै जोग विरत्त જે શુભ-અશુભભાવથી વિરક્ત થાય છે અને શુદ્ધભાવથી સહિત છે તે સંવર છે, તેનું જ નામ સમકિત છે અને તે જ ધર્મ છે.

સંવર અને આસ્રવ બંને વિરુદ્ધદશા છે. આસ્રવમાં જીવ શુભ-અશુભક્રિયાના રસમાં રક્ત છે અને સંવરમાં તેનાથી વિરક્ત છે. આસ્રવ અશુદ્ધ ઉપયોગ છે અને સંવર

શુદ્ધ ઉપયોગ છે. આસ્રવ કર્મોને ખેંચે છે અને સંવર કર્મોને આવતા રોકે છે. આસ્રવ અધર્મ છે અને સંવર ધર્મ છે.

શાંતિની શુદ્ધ ઉપયોગરૂપ ક્રિયાને ભગવાન સંવર કહે છે. આ મૂળ તત્ત્વને સમજ્યા વગર વ્રત, પોષા ને પ્રતિક્રમણ આદિ કરવાથી કે યાત્રા કરી લેવાથી ધર્મ નહિ થઈ જાય. એ તો બધી વિકલ્પની લાગણી છે. 'કરવું' તેમાં તો જીવના સ્વભાવનું હણાવું થાય છે.

લોકોને ધંધા આદિ અશુભ ક્રિયામાંથી બહાર આવવાનો સમય જ નથી. તેમાં થોડો સમય કાઢીને શુભક્રિયા કરીને માની લે કે અમને થઈ ગયો ધર્મ! પણ એ વ્યવહાર ધર્મનો અર્થ જ એ કે, ધર્મ નથી તેને ધર્મ કહેવો તેનું નામ વ્યવહાર. જેનું જે સ્વરૂપ નથી તેને તે રૂપે કહેવું તેને વ્યવહાર કહેવાય છે.

ભગવાન આત્મા પરમ અતીન્દ્રિય આનંદનો રસકંદ છે. તેમાં શુભ-અશુભરાગથી વિરક્ત થઈને આ પરમ આનંદકંદમાં લીન થતાં જે શુદ્ધોપયોગ પરિણામ પ્રગટ થાય છે તેને ભગવાન સંવરતત્ત્વ કહે છે. સંવર થયો તેને પાપ અટકી ગયાં.

કોઈ તો એમ કહે કે, ભગવાનની ભક્તિ કરો તો તમને સંવર અને નિર્જરા થશે. પણ ભાઈ! ભગવાન તો પરદ્રવ્ય છે. તેની ભક્તિનો ભાવ એ તો રાગ છે, તેનાથી ધર્મ કેવી રીતે થાય? તેમાં ભક્તિની ધૂન જગાવીને કર્તાપણું થાય તે તો મિથ્યાત્વ છે. પણ એણે અનંતકાળમાં એક સેકંડ પણ આ માર્ગ પ્રગટ કર્યો નથી એટલે અઘરું લાગે છે અને રાગના રસમાં તો અનાદિથી ટેવાયેલો છે તેથી એ સહેલું લાગે છે.

લોકોને એકાંત કોને કહેવાય અને અનેકાંત કોને કહેવાય તેની ખબર નથી અને શબ્દ પકડીને ઊંધા અર્થ કરે છે. વ્યવહારથી પણ ધર્મ થાય અને નિશ્ચયથી પણ ધર્મ થાય તેનું નામ અનેકાંત છે એમ માને છે. નિશ્ચયથી જ ધર્મ થાય તે તો એકાંત છે એમ કહે છે. પણ ભાઈ! તને એકાંત અનેકાંતની ખબર જ નથી જુઓ! અહીં क्रिया रसरत्त અને वरते जोग विरत्त કહીને અનેકાંત કર્યું છે. વિકારની ઉત્પત્તિ ન થવી અને નિર્દોષ સ્વભાવ પ્રગટ થવો તેને સંવર-ધર્મ કહે છે.

ભાષા તો બહુ સહેલી છે, ભાવ ઊંડા છે.

અનંતકાળથી આથડ્યો, વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરુ-સંતને, મૂક્યું નહિ અભિમાન.

અમે શાસ્ત્ર જાણીએ છીએ એવા અભિમાન મૂક્યા નહિ અને આત્માનું જ્ઞાન કર્યું નહિ તેથી જીવ રખડયો છે. સચ્ચિદાનંદ, નિર્મળાનંદપ્રભુ આત્માને ભગવાન

સર્વજ્ઞદેવે જેવો જોયો અને જેવો કહ્યો છે એવો અનંતજ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણોનો પિંડ પ્રભુ આત્મા.. તેની સન્મુખ થઈને જેણે શુદ્ધોપયોગને ધાર્યો છે તેને ભગવાન સંવર નામ ધર્મની શરૂઆત કહે છે. શુદ્ધોપયોગથી જ ધર્મની શરૂઆત થાય છે.

ભગવાન આત્મા મહાપ્રભુ છે, અનંત અનંત આનંદનો રસકંદ છે તેમાં પુણ્ય-પાપના વિકલ્પની ગંધ પણ નથી. આવું જ સત્ છે ભાઈ! હવે સતને અસત્ કેમ કહેવાય! અને અસતને સત્ કેમ મનાય? પુણ્ય-પાપના વિકલ્પો આત્માના સત્માં નથી પણ એ તો કર્મના ઉદયમાં જોડાઈને નવાં ઉત્પન્ન કરે છે. પુણ્ય-પાપના વિકલ્પરૂપ જગતથી આત્મતત્ત્વ જુદું છે.

બનારસીદાસજી મોટા કવિ હતા ને! ભાષા બહુ સરસ વાપરી છે. શુભાશુભભાવને રાગરસની ક્રિયા કહીને, તે કર્મને ખેંચવામાં કારણ છે, કર્મને રોકવામાં કારણ નથી એમ કહ્યું છે શુભ-અશુભ યોગથી વિરક્ત થયો છે અને પોતાના ઉપયોગ સ્વરૂપને ધાર્યો છે તેને ધર્મ છે. આ અનેકાંત છે.

શ્રીમદ્જીએ પણ કહ્યું છે કે, અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી. સમ્યક્ સ્વભાવ તરફ ઢળતાં શુદ્ધોપયોગ પ્રગટ થાય છે અને શુભ છે તેનું જ્ઞાન થાય છે તેને અનેકાંત કહે છે. વવાણિયા ગયાં હતાં ત્યારે આ લીટીનો અર્થ કર્યો હતો. કલાક ચાલ્યો હતો. કલ્પનાથી અર્થ કરે તે ન ચાલે. વસ્તુની સ્થિતિ જે પ્રમાણે છે, સંતો, આચાર્યોનો જે અભિપ્રાય છે તે અભિપ્રાયે અર્થ કરો તો જ વસ્તુની સ્થિતિ હાથમાં આવે-સમજાય. ભલે પર્યાયનું અને રાગનું જ્ઞાન હોય પણ સ્વભાવ તરફ ઢળે તો જ એ જ્ઞાન યથાર્થ થઈ શકે. સમ્યક્ એકાંત તરફ ઢળ્યા વગર અનેકાંતનું જ્ઞાન પણ યથાર્થ ન હોઈ શકે.

જે પોતાના શુદ્ધ ઉપયોગસ્વરૂપને ધરે છે અને શુભ-અશુભરાગથી વિરક્ત થાય છે તે કર્મોને આવતા રોકે છે તેનું નામ સંવર છે. પોષો લઈને ૨૪ કલાક બેસી રહેવાથી સંવર થઈ જતો નથી. હું પરથી નિવર્ત્યો છું એ માન્યતા જ મિથ્યાત્વ છે. કેમ કે, તે જડની ક્રિયામાં જ હું પણું માનીને બેઠો છે. જોગ વિરત્તનો અર્થ જ એ છે કે, શુભ-અશુભ વિકલ્પથી નિવર્તવું અને સ્વભાવ સન્મુખ ઢરવું તેનું નામ ધર્મ છે. જડની ક્રિયાથી તો આત્મા નિવૃત્ત જ છે. જડની ક્રિયાને કરતો જ નથી તો જેનાથી નિવૃત્ત જ છે તેનાથી નવું નિવૃત્ત થવાનું ક્યાં રહ્યું! આ તો શુભ-અશુભ ક્રિયામાં અજ્ઞાનથી જોડાતો હતો તેનાથી વિરક્ત થવું અને સ્વભાવમાં રક્ત થવું એટલે શુદ્ધોપયોગ પ્રગટ થવો તે કર્મ રોકવાનું કારણ છે.

સમકિતીના કથન હોય, શ્રાવકના હોય, મુનિના હોય કે કેવળીના હોય પણ કોઈના

કથનમાં ફેર ન હોય. તેની પોતાની સ્થિરતામાં ફેર છે તે જુદી વાત છે તે ચારિત્રની સ્થિરતાના ભેદ છે પણ વસ્તુની દૃષ્ટિમાં કોઈને ફેર નથી તેથી જેવું કેવળી પ્રરૂપે તેવું જ સમકિતી પ્રરૂપે છે. બનારસીદાસજીએ આગળ આઠમાં શ્લોકમાં લીધું છે કે! 'जाके घट प्रगट विवेक गणधरकौसौ । તીર્થંકરના વજીર—ધર્મરાજાના દિવાન જે ગણધરદેવ તેને જેવી શ્રદ્ધા છે એવી જ શ્રદ્ધા સમકિતીને હોય છે. પછી સમકિતી ભલે નરકમાં હો, તિર્યંચમાં હો, મનુષ્યમાં હો કે દેવમાં હો. શ્રદ્ધા દરેકની સમાન છે.

છઢાળામાં પણ કહ્યું છે 'ચરિતમોહવશ લેશ ન સંયમ, પૈ સુરનાથ જજૈ હૈ.' ચારિત્રમોહના તાબામાં થઈ જવાથી આસક્તિ છૂટતી નથી છતાં સમકિતીનો ઇન્દ્રો પણ આદર કરે છે. સમકિતીને આસક્તિથી વિરક્ત તો થઈ છે તેથી તો સમકિતી થયા છે પણ આસક્તિ છૂટતી નથી.

અહા! અનાદિથી ભ્રમણામાં ભૂલેલાં જીવોને સવળે રસ્તે આવવું કઠણ પડે છે. બહારની પ્રવૃત્તિ કરવી-દુકાન છોડીને ધર્મસ્થાનકે આવીને બેસવું એ કાંઈક ધર્મની ક્રિયા કરી એવું લાગે છે પણ ભાઈ! દુકાનથી તો તું છૂટો જ છો. શુભ-અશુભરાગની ક્રિયાથી નિવૃત્ત થવું તે નિવૃત્તિ છે અને શુદ્ધોપયોગ પ્રગટ કરવો તે તારી ધર્મની પ્રવૃત્તિ છે.

रोकै आवत कर्मकौं सो है संवर तत । શુભ અશુભરાગની ક્રિયાથી રહિત થવું અને નિર્મળ દશા પ્રગટ કરવી તેને અહીં સંવરતત્ત્વ કહે છે.

સંવર આસ્રવને રોકી દે છે એટલે કર્મ આવતાં હતાં અને તેને અટકાવી દીધા એમ નથી. સ્વભાવનો આશ્રય લેવાથી પુણ્ય-પાપ ઉત્પન્ન થતાં નથી તેથી કર્મ આવતાં નથી તેને રોકયા એમ કહેવામાં આવે છે, કાંઈ કર્મના રજકણો આવતાં હતાં અને તેને અટકાવી દીધા એમ અર્થ નથી. પૂર્વે પોતે શુભાશુભરાગમાં રોકાતો હતો તો કર્મ આવતાં હતાં અને હવે તેનાથી નિવૃત્ત થઈને શુદ્ધોપયોગમાં રોકાયો તેથી કર્મ તેની મેળે આવતાં જ નથી.

એક એક તત્ત્વના અર્થ સમજવામાં પણ મોટો ફેર છે, પોતાની કલ્પનાએ અર્થ કરે અને માને કે, અમે બરાબર અર્થ કરીએ છીએ. ભાઈ! શાસ્ત્રને સમજવાની આંખો કોઈ બીજી હોય છે.

रोकै आवत कर्मकौं એટલે આવતાં કર્મોને અટકાવ્યા નથી પણ કર્મને આવવાનું કારણ જે રાગ તે ન થયો અને શુદ્ધોપયોગ થયો તેથી કર્મ આવવાના જ ન હતાં તે ન આવ્યાં તેને વ્યવહારથી રોકયાં એમ કહેવાય છે.

આ સંવરતત્ત્વની વ્યાખ્યા થઈ. હવે નિર્જરાની વ્યાખ્યા આવશે. [ક્રમશઃ]

# મહાવીર-નિર્વાણ-દિને અપૂર્વ બાણી :

# દૃષ્ટિ-મોક્ષનુ અદ્‌ભુત સ્વરૂપ

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ગાથા ૪૭ તથા ૪૮ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ પ્રવચન નં. ૩૧ ]

આજે ભગવાન મહાવીરનો નિર્વાણ દિવસ છે. અનંતકાળથી જે નહિ પામેલી એવી સિદ્ધદશાને આજે ભગવાને પાવાપુરીના ક્ષેત્રમાંથી પ્રાપ્ત કરી. તેથી આજના દિવસને નિર્વાણદિન કહે છે. ભગવાન નિર્વાણ પામ્યાને આજે ૨૪૯૧ (૨૫૧૬) વર્ષ પૂરા થયાં અને ૨૪૯૨ (૨૫૧૭)મું વર્ષ શરૂ થયું. આજે દિવાળી અને બેસતું વર્ષ એક સાથે છે.

અનંતકાળથી કર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હતો તે પૂરો છૂટેલો નહિ. તે સંબંધ આજે પૂરો છૂટી ગયો અને પોતાના ધ્રુવ નિર્મળ પરમ પારિણામિકભાવની વર્તમાન પૂર્ણ નિર્મળ પર્યાય આજે પ્રગટ થઈ તેને મોક્ષ થયો કહેવાય છે.

તે મોક્ષની અથવા કેવળજ્ઞાનની પર્યાયની કેટલી તાકાત છે તેનું અહીં વર્ણન ચાલે છે.

ભગવાન પરમાત્માના એક સમયના કેવળજ્ઞાન પર્યાયની એટલી તાકાત છે કે, તેમાં પોતાના ત્રિકાળી દ્રવ્ય-પર્યાયસહિત ત્રણલોકના સર્વ પદાર્થોના દ્રવ્ય-પર્યાય એક સાથે જણાય છે. જ્ઞાન સર્વનું અંતર્યામિ છે, જ્ઞાનની પરિણતિ સર્વાકાર છે એટલે કે તેમાં પોતાનો ત્રિકાળી સ્વભાવ, પર્યાયસ્વભાવ અને જગતના દરેક પદાર્થો—તેની ત્રણકાળની પર્યાય સહિત એક સાથે જણાય છે. આવું જ્ઞાનનું સ્વરૂપ જાણી જ્ઞાનનું આરાધન કરો.

ભાવાર્થ:—જ્ઞાન ત્રણકાળ, ત્રણલોકને જાણે એટલી જ તાકાતવાળુ નથી પણ તેની જાણવાની શક્તિ તો અમર્યાદિત છે. જેમ જ્યાં સુધી મંડપ હોય ત્યાં સુધી જ વેલ ફેલાય છે પણ તેનો અર્થ એ નથી કે વેલની આગળ વધવાની તાકાત નથી, તેમ ત્રણકાળ ત્રણલોકને જાણવા જેટલી જ જ્ઞાનની તાકાત છે એવું તેનું માપ નથી. ત્રણકાળ અને ત્રણલોકથી અનંતગણો લોક હોત તો તેને જાણી લેવાની પણ જ્ઞાનમાં તાકાત છે. કેમ કે, જ્ઞાનની જે પર્યાય પૂર્ણ જાણવાની તાકાતવાળી છે તેના અસ્તિત્વમાં-મોજૂદગીમાં આટલું જ જાણવું એવું કોઈ માપ નથી.

જીવ વસ્તુના ત્રિકાળી સામર્થ્યની વાત તો એક તરફ રહી પણ તેની એક સમયની પર્યાયની વ્યક્તતાના સામર્થ્યમાં છે...છે...છે...એમાં નથી એવું ક્યાંય નહિ

આવે, ત્રણકાળ, ત્રણલોક જાણ્યાં એટલું બસ એમ નથી. એક સમયની પર્યાયના સામર્થ્યમાં પણ છે...છે...છે...છે-તેનું કોઈ માપ નથી. આવું તો એક જ્ઞાનગુણની એક પર્યાયનું અમાપ સામર્થ્ય છે ત્યાં બીજા ગુણો અને તેને ધરનાર દ્રવ્યના સામર્થ્યની તો વાત જ શી કરવી!

જેનો સ્વભાવ વ્યક્ત થઈ ગયો તેના સામર્થ્યની કોઈ હદ નથી ત્યાં સ્વભાવની તો વાત જ શું કરવી! આ તો એક સમયની પ્રગટેલી સ્વાભાવિક પર્યાયના સામર્થ્યની પણ કોઈ હદ નથી. અહા! સ્વભાવ! સ્વભાવ-સ્વભવન!

અહા! ભગવાનના નિર્વાણદિને-દિવાળીના દિવસે બરાબર ૪૭મી ગાથા આવી છે. જેની ૪૭ પ્રકૃતિનો નાશ થયો—પાંચ જ્ઞાનાવરણીની, નવ દર્શનાવરણીની, અઠ્ઠાવીશ મોહનીયની અને પાંચ અંતરાયની એમ કુલ ૪૭ કર્મપ્રકૃતિનો નાશ થઈને જ્ઞાન પર્યાય પ્રગટ થઈ છે તે એક સમયની પર્યાયના સામર્થ્યનું શું કહેવું! આ કોઈ કહેવામાત્ર વાત નથી કેમ કે, જેના એકરૂપ સ્વભાવની એકરૂપ પર્યાય થઈ તેની અસ્તિ છે...છે...છે અનંત...અનંત...અનંત...તેની અનંતતાનો અંત ક્યાંય આવે એવું પર્યાયમાં પણ નથી.

અહા! આવો આત્મા જેને લક્ષમાં આવે તેને આ શરીર, સંયોગ અને વિકલ્પની મહિમા ઊડી જાય. સમજાણું કાંઈ!

આ રીતે, સર્વવ્યાપક જ્ઞાન અર્થાત્ સર્વને પહોંચી વળતું નિર્વાણી જ્ઞાન-કેવળજ્ઞાન કે જેમાં સર્વ પદાર્થ ઝલકે છે એવો જેનો પ્રગટરૂપ સ્વભાવ છે તે જ્ઞાન જેનું છે એવો શુદ્ધ ભગવાન—આત્મા ઉપાદેય છે. એ જ દૃષ્ટિમાં અંગીકાર કરવા લાયક છે.

આ જ્ઞાનાનંદસ્વરૂપ આત્મારામ છે તે, મહામુનિઓના ચિત્તનું વિશ્રામસ્થાન છે. સંતોનું એ વિશ્રામધામ છે—વિશ્રામની પર્યાય છે તે પર્યાયને ઠરવાનું ઠામ ચિદાનંદધામ છે. ધર્માત્માને શરીર, વાણી કે વિકલ્પ એ ઠરવાનું-વિશ્રામનું સ્થાન નથી.

વસ્તુ કોને કહેવી! જે અણકરાયેલી, અવિનાશી અકૃત્રિમ ચૈતન્ય-જ્ઞાનપિંડ, આનંદકંદ ચૈતન્યવસ્તુનો સ્વભાવ શું કહેવો! તેનું વિશેષ વર્ણન તો આગળ ૪૮મી ગાથામાં આવશે પણ અહીં તો કહે છે કે તેની એક સમયની કેવળજ્ઞાન પર્યાયની તાકાત કેટલી કે જેની અનંત...અનંત...અનંત...અનંતતામાં ક્યાંય અંત નથી. તેના આનંદનો પણ ક્યાંય પાર નથી. અનંત અનંત આનંદના હોવાપણામાં ક્યાંય નહિ-હોવાપણું આવતું નથી. ભાઈ! આ તો વસ્તુની સ્થિતિનું વર્ણન છે.

અહા! દરેક આત્મા અકૃત્રિમ-અણકરાયેલ નિત્ય સત્ ચૈતન્યપદાર્થ છે તેની

એક પર્યાયની આવી તાકાત છે તે પર્યાય જેની છે એવો ભગવાન આત્મા જ જ્ઞાનીઓનું વિશ્રામસ્થાન છે. અહા ! પરમાત્મપ્રકાશ છે ને !

અરે! તેની એક સમયની પર્યાયની આટલી તાકાત! તેની અવસ્થાનો પૂર્ણ આનંદ, તેની અવસ્થાનું વીર્ય, તેની અવસ્થાનું દર્શન, તેની અવસ્થાની સ્વચ્છતા, તેની અવસ્થાની પ્રભુતા, તેની અવસ્થાનું અકારણકાર્યપણું કે જેથી તે રાગનું કારણ કે રાગનું કાર્ય ન થાય એવું અકાર્યકારણપણાનું અનંત સામર્થ્ય જેમાં ઉત્પન્ન થયું છે આવા તો અનંતગુણની અનંત પર્યાયના અનંત સામર્થ્યનું શું કહેવું !

ભગવાન આત્માની અવસ્થામાં જે કાર્ય પ્રગટ થયું છે તે કારણ-દ્રવ્યના આશ્રયે પ્રગટ થયું છે પણ કોઈ બાહ્યકારણ કે રાગની મંદતા કે પૂર્વ પર્યાયના આશ્રયે આ કાર્ય થયું નથી. પોતાના કારણના આશ્રયે કાર્ય થયું છે આમાં અન્ય કારણની તો અપેક્ષા જ નથી. બાપુ ! તને તારી મોટપની ખબર નથી અને તું બીજાને મોટપ દેવા જાય છે તેમાં તારી હલકાઈ-હીણપ થઈ જાય છે ભાઈ!

અહા ! ધ્રુવધામ એક જ આદરણીય છે. ત્યાં જ દૃષ્ટિ મૂકવા જેવી છે. ઠરવાનું ઠામ ( ધામ ) એક જ છે.

આ તો જગતથી જુદી જાતની વાતો છે.

હવે આગળ જે શુભ-અશુભકર્મ છે તે જોકે સુખ-દુઃખાદિને ઉપજાવે છે તોપણ આત્મા કોઈથી ઉત્પન્ન થયો નથી કે કોઈએ બનાવ્યો નથી એવો અભિપ્રાય મનમાં રાખીને ૪૮મી ગાથા કહે છે.

ભગવાન આત્મા પોતાના પૂર્ણાનંદ સ્વરૂપને ભૂલી, પર્યાયમાં વિકાર કરી જે જ્ઞાનાવરણાદિ કર્મો બાંધે છે તે કર્મો હંમેશા પોતપોતાના સુખ-દુઃખાદિ કાર્યને પ્રગટ કરે છે. તોપણ શુદ્ધ નિશ્ચયનયથી જે આત્માના અનંતજ્ઞાનાદિ સ્વરૂપને ન તો કર્મોએ નવું પેદા કર્યું છે, ન નાશ કર્યો છે કે નથી બીજી કોઈ રીતે પલટાવ્યું તે પરમાત્મસ્વરૂપ આત્માનું તું ચિંતવન કર !

ગાથામાં શું કહે છે ?-કે પોતાનું સ્વરૂપ ભૂલવાથી વિકાર થયો તેનાથી કર્મો બંધાયા અને તે કર્મોથી સુખ-દુઃખ આદિની પર્યાય થાય છે પણ મૂળ વસ્તુ છે તેને તો કર્મોએ ઉત્પન્ન પણ નથી કરી, કર્મોએ તેનો નાશ પણ નથી કર્યો. કર્મોથી વસ્તુ ઢંકાતિ પણ નથી. વસ્તુનો ત્રિકાળી સ્વભાવ જે સત્...સત્...સત્...છે તે કાંઈ નવો ઉપજતો નથી. કર્મના સદ્‌ભાવમાં પર્યાયની હીનતા અને કર્મના અભાવમાં પર્યાયની ઉગ્રતા પ્રગટ થાય છે પણ હીનતા કે ઉગ્રતા વસ્તુના મૂળ સ્વરૂપમાં થતી નથી. જે

સત્... સત્... સત્સ્વરૂપ ધ્રુવ તારો છે તેને કોણ ઉત્પન્ન કરે! એ તો છે...છે ને છે જ. પર્યાયમાં હીનતા, ઉગ્રતા થાય છે એ તો અવસ્થાપણે થાય છે. વસ્તુ કદી હીણી કે ઉગ્ર થતી નથી.

વસ્તુ તો શાશ્વત અને અનંત છે. શાશ્વતમાં વળી અંત કેવો! શાશ્વતમાં ઉપજવું કેવું! વસ્તુ તો ધ્રુવ સત્ છે તેમાં ઉપજવું કે વિણસવું હોઈ જ ન શકે. દ્રવ્ય તો વિરાટ વસ્તુ છે તે ન પેદા થાય કે ન વિનાશ થાય કે ન રૂપાંતર પામે. સંસારનું ઉપજવું, નાશ થવું, મોક્ષનું ઉપજવું થાય છે તે બધું પર્યાયમાં છે. દ્રવ્યનું રૂપાંતર થતું નથી.

સમયસારની ૧૧ મી ગાથામાં આત્માને ભૂતાર્થ કહ્યો છે ને! તે કૂટસ્થ છે-ધ્રુવ છે. ભલે તેનો આશ્રય કરનાર પર્યાય છે પણ વસ્તુ પોતે ધ્રુવ દ્રવ્ય છે. તે વસ્તુ કદી પેદા થતી નથી, હાની પામતી નથી કે રૂપાંતર પામતી નથી. સદૃશ-એકરૂપ છે. સ્વતઃસિદ્ધ શાશ્વત અનંતસ્વરૂપ વસ્તુ છે.

અરે! અનંતકાળમાં એણે પોતાની વસ્તુના માહાત્મ્ય કર્યા નથી. એનું માહાત્મ્ય કરે તો સંયોગની મહિમા બધી ઊડી જાય, રાગની મહિમા ઊડી જાય, બધાં ઝેરની મહિમા ઊડી જાય.

મુમુક્ષુ—આપ તો જીવમાત્રની મુક્તિની જાહેરાત કરો છો.

પૂજ્ય ગુરુદેવશ્રી—વસ્તુ છે ને! વસ્તુનો સ્વભાવ જ એવો છે.

એક પરમાણુ પણ દ્રવ્ય છે ને! તેનું ક્ષેત્ર ભલે નાનું છે પણ ભાવે તે અનંત સ્વભાવનો સાગર છે. તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ શક્તિનું સત્વ પણ શાશ્વત અનંત છે. સ્વભાવને નાના-મોટા ક્ષેત્ર સાથે કાંઈ સંબંધ નથી. પરમાણુ પણ રંગ, ગંધ, રસ, સ્પર્શ, અસ્તિત્વ, વસ્તુત્વ આદિ શાશ્વત અનંત શક્તિનો સાગર છે.

નિગોદમાં અંગૂલના અસંખ્યમાં ભાગ જેટલા ક્ષેત્રમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે અને એક-એક શરીરમાં અનંતા આત્મા છે. તે દરેકમાં અનંત અનંત ગુણ છે. તે બધાંને જ્ઞાનની પર્યાય એક સમયમાં કબૂલે છે. આવી તો એક સમયની પર્યાયની તાકાત છે. આ પર્યાયમાં ત્રિકાળી દ્રવ્ય નથી આવતું પણ દ્રવ્યનું જ્ઞાન આવી જાય છે.

આ તો વીતરાગ મારગ છે અને અનંત આનંદદાયક છે. દ્રવ્ય તો છે...છે...છે... જ પણ તેનો એક સમયનો પર્યાય પણ છે...છે...તે જ્ઞેયને અડયા વગર જાણી લે છે એવી તેની તાકાત છે.

અહા! વસ્તુ છે ને! તેનું હોવાપણું છે ને! તો એ હોવાપણાનું ન હોવાપણું ક્યારે હોઈ શકે? સતનો અંત કેમ હોઈ શકે! કયા કાળે તેનો અંત હોય? કે કયા

ભાવે તેનો અંત હોય! આ બધી લોજીકથી-ન્યાયથી વાત કરાય છે. કાંઈ એંચીને નથી કહેતાં. જે વસ્તુ છે, તેનો જેવો સ્વભાવ છે એવો કહેવાય છે. પરમાણુ પણ વસ્તુ છે પણ તેનામાં જ્ઞાન નથી. તેનો નિર્ણય કરનારું આ જ્ઞાન છે માટે મહત્તા જ્ઞાનસ્વભાવી આત્માની છે. પણ પરમાણુ પણ વસ્તુ છે માટે તેનો કદી નાશ ન હોઈ શકે. તેના ભાવોનો કોઈ પાર ન હોઈ શકે.

હવે આત્માની જે પૂર્ણ પર્યાય પ્રગટ થઈ છે તેના કાળની તો શરૂઆત થઈ પણ તેના ભાવનો અંત નથી અને દ્રવ્યને તો કાળની પણ શરૂઆત કે અંત નથી અને ભાવની પણ બેહદતા છે.

આ સર્વજ્ઞ પરમાત્માએ કહેલું પદાર્થવિજ્ઞાન છે. ભગવાન મહાવીર દિવ્ય ધ્વનિ દ્વારા આ વિજ્ઞાન કહીને આજે સંસાર સમાપ્ત કરીને મોક્ષમાં ચાલ્યા ગયાં.

અહીં કહે છે કે, કર્મના સદ્ભાવમાં દ્રવ્ય હણાતું નથી અને કર્મના અભાવમાં દ્રવ્ય ઉત્પન્ન થતું નથી. જેમ આકાશ છે...છે...છે...તેનો ક્યાંય અંત નથી. તેમ દરેક દ્રવ્યના સ્વભાવની અસ્તિની ક્યાંય નાસ્તિ નથી. જીવની જે પૂર્ણ પર્યાય પ્રગટ થઈ તેના ભાવના સામર્થ્યનો પણ કોઈ અંત નથી. તે પર્યાય અને દ્રવ્યમાં એટલો ફેર છે કે પર્યાય નવી ઉત્પન્ન થઈ છે અને દ્રવ્યની તો કાળની પણ કોઈ શરૂઆત નથી. દ્રવ્યની અને આ સ્વભાવપર્યાયના ભાવની કોઈ મર્યાદા નથી.

પ્રભુ! શાશ્વત-સત્ નિરાલંબી ચૈતન્યગોળો ભગવાન આત્મા તું પોતે જ છો. તારી એક સમયની જાણવાની પર્યાયની એટલી તાકાત છે કે જેનો અંત નથી કે હવે આટલું બસ! બહુ જાણ્યું. આવી જેની એક પર્યાય, એવી સદૃશ પર્યાયોનો પિંડ જે ધ્રુવ સત્ત્વ તે કદી નવો ઉત્પન્ન થાય નહિ કે કર્મ તેને હણે નહિ.

આ પરમાત્મા તું પહેલાં વિશ્વાસમાં લે કે, આવું જ સ્વરૂપ હોય. આવું સ્વરૂપ ન હોય તો એ સતનું સત્ત્વ જ ન કહેવાય. આવી જેને શ્રદ્ધા, જ્ઞાન અને વીર્યમાં કબૂલાત આવે તે અંદરમાં જઈ શકે છે. ભલે વિકલ્પવાળી શ્રદ્ધા હોય પણ તેમાં કબૂલાત આવ્યા વગર અંદરમાં જઈ શકાતું નથી.

આ તો બધી ન્યાયથી વાત છે. ભગવાન એમ નથી કહેતાં કે તું અમે કહીએ તેમ માની લે. અહો! જે સત્ શાશ્વત છે, જેનો સ્વભાવ શાશ્વત છે-સદૃશતાની શક્તિનું સત્ત્વ આખું શાશ્વત છે એવા પરમાત્માનો તું પર્યાયમાં પહેલાં વિશ્વાસ કર! અને વિશ્વાસ કરીને તે બાજુ ઢળ! જો સત્ય જોઈતું હોય તો આ કરવાનું છે, બાકી તો સત્ય વગર સંસારમાં રખડયા જ કરે છે. સ્વર્ગ મળે કે નરક મળે, રાજા થાય કે રંક થાય બધાં ભિખારા છે.

જે ઠરવાના ધ્રુવ ઠેકાણા પડયાં છે તેનો વિશ્વાસ કરીને ત્યાં જા તો ત્યાં ઠરી શકીશ-ત્યાં તને વિશ્રામ મળશે. વિશ્રામનું સ્થાન આ એક જ છે પણ એને આ વાત બેસતી નથી. હું આવડો મોટો! મારે દાળ વગર ચાલે નહિ, શાક વગર ચાલે નહિ. એક સગવડતા તૂટે ત્યાં રાડ પાડે, કોઈ પોતાને પૈસાવાળો, બુદ્ધિવાળો, સારા શરીરવાળો કહે તો રાજી થાય અને મૂરખ કહે તો ગોઠતું નથી. આ બધી જડની નિંદા અને પ્રસંશામાં મૂરખ પોતાની નિંદા-પ્રસંશા માને છે તેમાં સ્વભાવ તો એકબાજુ રહી જાય છે.

અરે, તું કોના અસ્તિત્વમાં આ બધાંની શ્રદ્ધા કરે છે? તારા જ્ઞાનની પર્યાયમાં જ તું આ બધું જાણી રહ્યો છો તો એમ તો જો કે, હું કોના અસ્તિત્વમાં આ બધું જાણું છું? તને આ તારા અસ્તિત્વની તો મહિમા નથી અને પરના અસ્તિત્વમાં આ આવ્યું અને આ ગયું એમ કરીને હોળી સળગાવ્યા કરે છો. તેથી જ તને શાંતિ મળતી નથી.

ઉત્પાદ-વ્યય તે વ્યવહારનયનો વિષય છે અને ધ્રુવ તે નિશ્ચયનયનો વિષય છે. અહીં કર્મોનું નિમિત્ત બતાવીને કહે છે કે જો કે, જ્ઞાનાવરણાદિ કર્મ પોત-પોતાના સુખ-દુઃખાદિ કાર્યને પ્રગટ કરે છે તોપણ શુદ્ધ નિશ્ચયનયથી જે આત્માનું અનંત જ્ઞાનાદિસ્વરૂપ ન તો કદિ ઉત્પન્ન થયું કે ન નાશ પામ્યું એવા પરમાત્માનું તું ચિંતવન કર! સારામાં સારો કોઈ હોય તો આત્મા છે. ઘરનું માણસ બહાર જતું હોય તો ઘરના કહે છે ને! અમારાં માટે સારામાં સારી ચીજ લાવજો, બાયડી કહે મારા માટે સારામાં સારો સાડલો લાવજો, દીકરી કહે સારામાં સારો દાગીનો લાવજો. અહીં કહે છે બધાં જીવો માટે સારામાં સારો કોઈ હોય તો પોતાનો આત્મા છે, માટે ભગવાનને કહેજો કે પ્રભુ! સારામાં સારો પ્રભુ મને બતાવજો.

અહા! કેવળજ્ઞાન પણ જેના પરમભાવ પાસે અપરમભાવ છે એવો આ 'ભૂતાર્થ' આત્મા છે. તેની પર્યાયમાં કર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ વસ્તુમાં તે સંબંધ નથી.

જ્ઞાનાવરણીકર્મ જ્ઞાનને ઢાંકે છે, દર્શનાવરણીકર્મ દર્શનને આચ્છાદવામાં નિમિત્ત છે, વેદનીયકર્મ સાતા-અસાતા ઉત્પન્ન કરીને અતીન્દ્રિયસુખને પર્યાયમાં ઘાતે છે, મોહનીયકર્મ સમકિત અને ચારિત્રની પર્યાયને રોકે છે—એમ નિમિત્તથી કહેવાય છે પણ તું તેમાં રોકાય તો તે તને ઢાંકે છે, તું ન રોકા તો તું તો સ્વતંત્ર જ છો.

આયુકર્મ સ્થિતિ પ્રમાણે શરીરમાં રાખે છે એટલે કે શરીરમાં રહેવાની જીવની પર્યાયની યોગ્યતા અને આયુષ્યની સ્થિતિને સંબંધ છે પણ વસ્તુને આયુ સાથે કાંઈ

સંબંધ નથી. વસ્તુ તો અનાદિ-અનંત શાશ્વત છે. આ સમજાય છે! જુદી જાતની કારીગરી છે. ન સમજાય એમ કેમ કહે છો? મને આ ન સમજાય એમ માનવામાં તારી લાયકાત હાની પામે છે. પોતાના આત્માની મહિમા છોડીને બીજા હીણાની અને હીણા કરનારની પ્રીતિ કરીને સાંભળે છે તેથી સમજાતું નથી. અહીં તો કુંદકુંદાચાર્યે કીધું ને! હું સિદ્ધ અને તું પણ સિદ્ધ એમ કરીને સાંભળજે. ના પાડીશ નહિ. ના પાડ તો તું અમારો શ્રોતા જ નથી.

આજે દિવાળી છે. એક ભગવાન મોક્ષ ગયા તેવા અનંતા ભગવાન ત્યાં બિરાજે છે અને છ મહિના ને આઠ સમયમાં છસો ને આઠ—એમ હારબંધ સિદ્ધો ત્યાં બિરાજે છે. તે અનંતા સિદ્ધોને અમારી પર્યાયમાં સ્થાપીએ છીએ અને શ્રોતા! તમારી પર્યાયમાં પણ અનંતા સિદ્ધોને સ્થાપીને અમે વાત કરીએ છીએ માટે હવે હીણો થઈશ નહિ. મને ન સમજાય એ વાત રહેવા દેજે. અહીંથી જ સમયસારની વાત ઉપાડી છે.

દાતારને ઓળખીને માંગજે ભાઈ! ભૂલ ખાઈશ નહિ. એક દૃષ્ટાંત આવે છે ને લોકો શેઠને ત્યાં ફાળો લખાવવા ગયા ત્યાં શેઠે બીડી પીઈને દીવાસળીનું ઠુંઠું બાકસમાં નાખ્યું એ જોઈને લોકોને થયું આ શેઠ શું દેવાના હતાં! એટલે શેઠે કહ્યું બોલો તમે શું આશા રાખો છો,-તો કહે 'દશ હજાર.' શેઠ કહે લખો દશ હજાર. ત્યારે લોકોને થયું કે આ તો આપણે માગતાં ભૂલ્યાં. શેઠ તો વધારે આપત. એમ અહીં ભગવાન પરમાત્મા કહે છે, માંગ માંગ! તારે કેટલું જોઈએ છે? તારી પર્યાયમાં સિદ્ધપણું સ્થાપીએ છીએ તેનાથી વિશેષ તારે શું જોઈએ! આમ કહીને સમયસાર શરૂ કર્યું છે. સમયસાર કહેવાની આચાર્યદેવની ગતિ જ જુદી જાતની છે. અમારી પાસે સિદ્ધથી ઓછું માગીશ નહિ. અનંતી સિદ્ધ પર્યાય પ્રગટ થાય એવી તારામાં તાકાત ભરી પડી છે.. પણ એને વસ્તુની કિંમત આવતી નથી તેથી એણે જેની કિંમત કલ્પી છે એવા નિમિત્ત, રાગ અને અલ્પજ્ઞતાની કિંમત કેમ છૂટે? પણ ભાઈ! એની કિંમત છૂટયા વિના વસ્તુ હાથમાં નહિ આવે. ઘરે ભર્યા ભાણાં છોડીને એંઠા ચાટવા જેવી આ દશા છે. પર્યાયમાં ભલે નિમિત્ત સાથે કાર્ય-કારણ ભાવ હોય પણ વસ્તુમાં એ સંબંધ છે જ નહિ. એવો વિશ્વાસ એને કેમ આવે!

ભાઈ! જે સત્ છે, શાશ્વત છે, અણકરાયેલું છે, કાળની હદ વિનાનું છે, તેના ભાવની શક્તિની શાશ્વતતાનું શું કહેવું ભાઈ! તેને કોઈ ક્ષેત્રના વિસ્તારની જરૂર નથી, ભાવની મોટપનો પાર નથી. પર્યાયને ભલે સ્થિતિ હો પણ સ્વભાવને કોઈ સ્થિતિ જ નથી, અનંત છે.

નામકર્મ અનેક જાતના ગતિ, જાતિ શરીરાદિકને ઉપજાવે છે, ગોત્રકર્મ ઊંચ-નીચ ગોત્રમાં ઉપજાવે છે અને અંતરાયકર્મ અનંતવીર્યને પ્રગટ થવા દેતું નથી. આ પ્રકારે કર્મો પર્યાયમાં આવા કાર્યો ઉપજાવે છે એવો કર્મ સાથે જીવને વ્યવહારથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તોપણ શુદ્ધનિશ્ચયનયથી આત્માના અનંત જ્ઞાનાદિસ્વરૂપનો આ કર્મોએ નાશ કર્યો નથી અને ઉત્પન્ન પણ કર્યો નથી. આત્મા તો જેવો છે તેવો જ રહ્યો છે. તેની શક્તિની અનંતતાનો કોઈ અંત નથી. નવી ઉત્પન્ન થાય એ પણ પર્યાય છે. ધ્રુવ કદી ઉત્પન્ન થતું નથી. માટે કહે છે ભગવાન! તારું ધ્રુવપણું તો એવું જ પડયું છે હો! તને એ બેસતું કેમ નથી? જેવો તું અનાદિથી હતો તેવો જ છે અને રહેશે. ધ્રુવપણામાં કોઈ ઉણપ, અધિકતા, વિપરીતતા કે વિકાસ કાંઈ થતું નથી.

ધ્રુવસ્વભાવમાંથી કેવળજ્ઞાન પ્રગટ થાય તોપણ કાંઈ એ હીણો પડી જતો નથી. કેવળજ્ઞાન હો કે નિગોદમાં હો વસ્તુ તો ધ્રુવ સદા એવી ને એવી જ છે. આહાહા! ત્રિલોકીનાથ સર્વજ્ઞ પરમાત્મા મહાવીર ભગવાન આ છેલ્લી વાણી આપીને મુક્તિમાં પધાર્યાં છે.

મુમુક્ષુ—પ્રભુ! આજે બોણી આપીને આપે અમને ન્યાલ કરી દીધા છે.

પ્રભુ! તારી પ્રભુતાની બેહદતા અમારાં જ્ઞાનમાં આવી પણ વાણીમાં પૂરી ન પડે એવો તું છો!

[ક્રમશઃ]

---

## * હું તો જ્ઞાતા જ છું *

જ્ઞાનીની દૃષ્ટિ અદ્ભુત મહિમાવંત દ્રવ્યસ્વભાવ ઉપર પડી હોવાથી તેને જગતનું કાંઈ જોઈતું નથી. તેને બધી ઇચ્છાઓ તૂટી ગઈ છે. જગતના વિવિધ પદાર્થો ભલે જણાય પણ 'હું તો જ્ઞાતા જ છું' એવા ભાવે પરિણમતો તે જ્ઞેયોને એકત્વપૂર્વક ગ્રહણ કરતો નથી, જુદો જ વર્તે છે. —પૂજ્ય બહેનશ્રી

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ, ધર્મ ભાવનાનો અધિકાર છે. જેમ દ્રવ્યમાં અનેક સ્વભાવો છે, તેમ પર્યાયમાં પણ અનેક સ્વભાવો-ધર્મો છે એક એક સમયની પર્યાય છે તે પોતાનું અસ્તિત્વ પોતાથી ટકાવી શકે છે. એમાં પરથી નાસ્તિત્વનો ધર્મ છે. એમ ન હોય તો પર્યાયનું અસ્તિત્વ રહી શકે નહીં. એ દ્રવ્ય, ગુણ અને પર્યાયના ધર્મોનો વિચાર સમ્યગ્દષ્ટિ પોતાના સ્વભાવ સન્મુખ રહીને કરે છે. તેમાં જેટલો રાગ ઘટે છે તે ધર્મ છે.

(૯) મોક્ષતત્ત્વ :—

આત્માની પૂર્ણ નિર્મળદશા તે મોક્ષ છે. આ મોક્ષ પર્યાય સ્વથી છે અને પરથી નથી. એટલે કે કર્મોના અભાવના કારણે નથી અને મોક્ષમાર્ગથી પણ નથી. આ રીતે અસ્તિ-નાસ્તિ, અવક્તવ્ય આદિ સાત ભંગો મોક્ષની પર્યાયમાં પણ પડે છે. મોક્ષ આદિ શબ્દ વાપર્યો છે, આદિમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર, પ્રમાદ, કષાય વગેરેના જેટલા પેટા ભેદો છે તે દરેકમાં પણ સાત ભંગો ઉતારવા. મિથ્યાત્વ પોતાથી છે, પરથી નથી. સમ્યગ્દર્શન સમ્યગ્દર્શનથી છે, પરથી નથી. ચારિત્ર ચારિત્રથી છે, સમ્યગ્દર્શનથી નથી.

સમયસાર ગાથા ૨૭૩માં કહેલ છે કે અજ્ઞાની ચારિત્રરહિત છે. કેમકે તે નિશ્ચય ચારિત્રના કારણરૂપ જ્ઞાન-શ્રદ્ધાથી રહિત છે. ત્યાં બીજી વાત સમજાવવી છે. ખરેખર તો ચારિત્ર ચારિત્રથી છે, સમ્યગ્દર્શનથી નથી. પણ જેને સમ્યક્દર્શન હોય તેને સમ્યક્ચારિત્ર હોય છે. સમ્યગ્દર્શનરૂપી ભૂમિકા વિના સમ્યક્ચારિત્રરૂપી ઝાડ થતું નથી. એમ કહીને ત્યાં સમ્યગ્દર્શનની પ્રધાનતા બતાવવી છે અને અહીં તો ચારિત્ર ચારિત્રથી છે, સમ્યગ્દર્શનથી નથી—એમ અનેકાન્ત બતાવવું છે. શુદ્ધ ક્ષાયિક સમ્યગ્દર્શન હોવા છતાં ચારિત્ર નથી માટે દર્શનથી ચારિત્ર નથી પણ ચારિત્ર ચારિત્રથી છે. આમ વિધિ-નિષેધથી વસ્તુ સિદ્ધ થાય છે.

આ રીતે દરેક વસ્તુમાં બહુધર્મપણાની અપેક્ષાએ તથા પરસ્પર વિધિ-નિષેધથી અનેક ધર્મ પર કથંચિત વસ્તુપણું સંભવે છે. પર્યાય પણ કથંચિત સત્ છે. એટલે એમાં પણ વસ્તુપણું સંભવે છે. વળી તે વસ્તુમાં અસ્તિ-નાસ્તિરૂપ અનંત ધર્મો છે તે અનેકાન્ત દ્વારા સિદ્ધ થાય છે.

જેમ એક પુરુષમાં પિતાપણું, પુત્રપણું, મામાપણું, ભાણેજપણું, કાકાપણું અને

ભત્રીજાપણું આદિ ધર્મ હોય છે, તે પોતપોતાની અપેક્ષાએ વિધિ-નિષેધ પૂર્વક સાત ભંગ દ્વારા જાણવા. પહેલાં તો પુરુષમાં પોતાના ધર્મો પોતાથી છે એમ નક્કી કર્યા પછી અપેક્ષા લાગુ પાડવી અને તે ધર્મો અસ્તિ-નાસ્તિથી અનેકાંત દ્વારા સિદ્ધ થાય છે. આ નિયમથી જાણવું કે વસ્તુમાત્ર અનેક ધર્મસ્વરૂપ છે તે સર્વને જે અનેકાંત જાણી શ્રદ્ધાન કરે તથા એ જ પ્રમાણે લોકમાં વ્યવહાર પ્રવર્તાવે તે સમ્યગ્દૃષ્ટિ છે. આત્મા પોતાથી છે અને પરથી નથી અને પર્યાય પણ પોતાથી છે અને પરથી નથી એમ અનેકાન્ત દ્વારા વસ્તુને સમજીને શ્રદ્ધા કરે છે. તે વાણીમાં પણ એવી જ પ્રરૂપણા કરે છે. એનો વ્યવહાર પણ એવો જ હોય છે; તો તે સમ્યગ્દૃષ્ટિ છે. અનેકાંતના સ્વરૂપમાં જે ગોટો વાળે છે અને પ્રરૂપણા પણ જેની યથાર્થ નથી તે તો મિથ્યાદૃષ્ટિ છે.

જીવ, અજીવ, આસ્રવ, બંધ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા અને મોક્ષ એ નવ પદાર્થ છે. તેને ઉપર પ્રમાણે જ સાત ભંગથી સાધવા; તેનું સાધન શ્રુતજ્ઞાન પ્રમાણ છે કેમકે શ્રુતજ્ઞાનમાં નય પડે છે. તેના દ્રવ્ય તેના દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા બે ભેદ છે. સામાન્ય ત્રિકાળ ધ્રુવનો વિષય કરે તે દ્રવ્યાર્થિકનય છે. એક સમયની પર્યાય વિષય કરે તે પર્યાયાર્થિકનય છે તે બન્ને નય અહીં નિશ્ચયમાં લીધા છે.

દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિકનયના પણ ભેદ નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુ-સૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનય છે. વળી તેના પણ ઉત્તરોત્તર જેટલા વચનના પ્રકાર છે તેટલા ભેદ છે તેને પ્રમાણ સાત ભંગી તથા નયસપ્તભંગીના વિધાન દ્વારા સાધી શકાય છે. એક ધર્મની પ્રધાનતાથી આખા દ્રવ્યનું જ્ઞાન થાય તે પ્રમાણ-સપ્તભંગી છે અને એક ધર્મ દ્વારા તે તે ધર્મનું જ જ્ઞાન થાય તે નય-સપ્તભંગી છે. અથવા તો કહેનારનો આશય એક ધર્મ દ્વારા આખા દ્રવ્યને બતાવવું હોય તો તે પ્રમાણ-સપ્તભંગી છે અને એક ધર્મ દ્વારા એક ધર્મને જ બતાવવો હોય તો તે નય-સપ્તભંગી છે. એનું કથન પ્રથમ લોકભાવનામાં કર્યું છે તથા તેનું વિશેષ કથન શ્રી તત્ત્વાર્થસૂત્રની ટીકાથી જાણવું. એ પ્રમાણે નયદ્વારા જીવાદિ પદાર્થોને જાણીને જે શ્રદ્ધાન કરે તે શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ થાય છે. શુદ્ધ સમ્યગ્દૃષ્ટિને આવું જ્ઞાન થાય છે અને સમ્યગ્દૃષ્ટિ ન હોય તો આવું જ્ઞાન શ્રદ્ધાન કરીને સમ્યગ્દૃષ્ટિ થાય છે.

જે કાળે જે અવસ્થા થઈ છે તે સ્વથી થઈ છે અને પરથી થઈ નથી તે અનેકાંત છે અને જ્ઞાતાદૃષ્ટારૂપ વીતરાગતાનો તે હેતુ છે. પોતે પોતાના અજ્ઞાનથી રખડે છે અને પરથી રખડતો નથી કેમકે પરિભ્રમણનો ભાવ તે આત્માની પોતાની પર્યાય છે. પોતે સ્વતંત્રપણે કર્તા થઈને તે પરિણમન થયું છે, પરથી તે પરિણમન થયું નથી. અજ્ઞાનીને એમ લાગે છે કે "કર્મના કારણે સંસારમાં ભ્રમણ છે—એમ કહેતા નથી માટે ગોમ્મટ-સારની અને ચરણાનુયોગની વાત આમાં રહેતી નથી." ગોમ્મટસારમાં અને ચરણાનુયોગમાં

નિમિત્તનું કથન છે ત્યાં પણ પરના કારણે છે—એમ કહેતા નથી. જેમ છે તેમ નિમિત્ત-ઉપાદાનનું જ્ઞાન કરવું જોઈએ. કોઈ શાસ્ત્રમાં એવું કથન ન હોય કે કોઈ વસ્તુ **સ્વથી** છે અને **પરથી** પણ છે. પરથી હોય અને સ્વથી ન હોય—એમ પણ ન હોય. સ્વથી **છે** અને પરથી નથી. એ જ અનેકાંત છે અને તે વીતરાગતાનો હેતુ છે.

તીર્થંકર ભગવાનને વાણી છૂટે છે તે કેવળજ્ઞાન છે માટે છૂટે છે એમ નથી. મહાવીર ભગવાનને કેવળજ્ઞાન હતું પણ ૬૬ દિવસ સુધી વાણી છૂટી નહીં. વળી ગૌતમ ગણધર આવ્યા માટે વાણી છૂટી એમ પણ નથી. વાણી વાણીના કારણે, પરના કારણે નથી. તે અનેકાંત છે. ગૌતમ ગણધરની સ્વકાળલબ્ધિ પાકી ગઈ હતી તેથી ઈન્દ્ર તેમને લાવવામાં નિમિત્ત કહેવાયા. વળી ચક્રવર્તી, વાસુદેવ, ઈન્દ્ર કે ગણધર પ્રશ્ન પૂછે તો તો ભગવાનની વાણી નીકળે છે. બીજા પ્રશ્ન કરે તો નીકળતી નથી. માટે નિમિત્તની પ્રધાનતા છે—એમ કોઈ કહે તો તે બરાબર નથી. વાણીના કાળે વાણી નીકળે છે. પરના કાળે વાણી નથી. ગણધર આવ્યા ત્યારે વાણી નીકળી એ નિમિત્તનું કથન છે. અહીં તો કહે છે કે દરેકે દરેક પર્યાયમાં અનેકાંત છે. સ્વથી છે અને પરથી નથી—એમ શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે.

કોઈ એમ કહે છે કે ,' નિમિત્તની પ્રધાનતા ન હોય તો તમે સમયસાર, પ્રવચનસારાદિ ગ્રંથો કેમ વાંચો છો? અને પદ્મપુરાણ, આદિપુરાણ કેમ વાંચતા નથી? એ શું નિમિત્તની પ્રધાનતા નથી?' તો તેને કહે છે કે જ્ઞાન શાસ્ત્રના કારણે નથી અને શાસ્ત્ર વિકલ્પના કારણે નથી. શાસ્ત્ર શાસ્ત્રથી છે, વિકલ્પથી નથી, વિકલ્પ વિકલ્પથી છે, શાસ્ત્રથી નથી અને જ્ઞાન જ્ઞાનથી છે. શાસ્ત્રથી નથી. જ્ઞાનની પર્યાય થવાની હતી માટે સમયસાર આવ્યું એમ નથી અને સમયસાર આવ્યું માટે જ્ઞાનની પર્યાય થઈ એમ પણ નથી. જ્ઞાન જ્ઞાનના કારણે છે, ઈચ્છા અને શાસ્ત્રના કારણે નથી, આવું અનેકાન્તનું સ્વરૂપ છે તે જીવોએ સાંભળ્યું નથી એટલે તેને એકાંત લાગે છે પણ ખરું અનેકાન્ત જ આ છે. અને તે વીતરાગતાનું કારણ છે.

પંડિત બનારસીદાસજી નિમિત્ત-ઉપાદાનના દોહામાં કહે છે કે **उपादान विधि निर्वचन है निमित्त उपदेश** અહીં નિર્વચનનો અર્થ એવો છે કે ઉપાદાનમાં એક જ પ્રકાર છે કે દરેકે દરેક પર્યાય પોતાની યોગ્યતાથી જ થાય છે. જેમકે વાણી વાણીની યોગ્યતાથી થાય છે, ભગવાનના કારણે થતી નથી. ગરમ પાણી પોતાની યોગ્યતાથી થાય છે, અગ્નિના કારણે નહીં. લાકડી લાકડીની યોગ્યતાથી ઊંચી થઈ છે, હાથના કારણે નહીં. પૈસા પૈસાની યોગ્યતાથી આવે છે, ડહાપણના કારણે આવતો નથી, પુણ્યના કારણે પણ આવતો નથી. રૂપિયાના એક એક પરમાણુની પર્યાય પોતાથી યોગ્યતાથી છે, બીજા બીજા પરમાણુની પર્યાયથી નથી. આ વીતરાગી વિજ્ઞાન છે. આ સમજ્યા વિના વીતરાગતા થાય એમ નથી.

અહીં આ વિશેષ જાણવું કે નય, વસ્તુના એક એક ધર્મના ગ્રાહક છે અને તે પોતપોતાના વિષયરૂપ ધર્મને ગ્રહણ કરવામાં સમાન છે. એટલે કે આત્મામાં જે નય જ્ઞાન છે તે એક એક ધર્મને ગ્રહણ કરે છે. નિશ્ચયનયનો વિષય ત્રિકાળને ગ્રહણ કરે છે અને વ્યવહારનયનો વિષય વર્તમાનને ગ્રહણ કરે છે. પોતપોતાના વિષયને ગ્રહણ કરે છે એ અપેક્ષાએ બન્ને નય સમાન છે. વ્યવહારનયે એક જ ધર્મને ગ્રહણ કર્યો છે એમ નિશ્ચયનયે પણ એક જ ધર્મને ગ્રહણ કર્યો છે. એ અપેક્ષાએ બન્ને નય સમાન છે. તોપણ પુરુષ પોતાના પ્રયોજનવશ તેને મુખ્ય ગૌણ કરીને કહે છે. પોતાનું હિત સાધવા માટે કોઈ નયને મુખ્ય કરે છે અને કોઈ નયને ગૌણ કરે છે.

જેમ જીવ નામની વસ્તુમાં અનેક ધર્મ છે તોપણ અજીવોથી (જીવને) જુદો બતાવવા માટે પ્રયોજનવશ ચેતનત્વ મુખ્ય કરી ચેતનવસ્તુનું જીવ નામ રાખ્યું. જીવમાં સામાન્ય–વિશેષ અનંતગુણો છે. અસ્તિત્વ, વસ્તુત્વ, દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રભુત્વ આદિ અનેક ધર્મો છે તોપણ તેમાંથી ચેતનત્વ ધર્મને એકને મુખ્ય કરીને જીવ કહ્યો, ચેતનત્વ સિવાય બીજા ગુણોને ગૌણ કરીને, અજીવમાં જે ગુણ નથી એને મુખ્ય કરીને જીવ કહ્યો. આ તો દૃષ્ટાંત છે. એ જ પ્રમાણે સર્વ ધર્મોને પ્રયોજનવશ મુખ્ય–ગૌણ કરવાની વિધિ જાણવી.

સિદ્ધ પરમાત્મા આનંદમૂર્તિ છે—એમ કહેવામાં પ્રયોજન એ છે કે જગતના પ્રાણીઓ દુઃખી થઈ રહ્યા છે તેને સુખી થવું છે. તેને સમજાવવા માટે સુખ અને આનંદગુણની પ્રધાનતાથી સિદ્ધનું વર્ણન કર્યું છે. સિદ્ધમાં અનંતા ગુણો હોવા છતાં આનંદ સંસારની પર્યાયમાં કે જડમાં નથી. તેનાથી જુદો બતાવવા ખાતર સિદ્ધને આનંદ હોય છે તેની મુખ્યતાથી સિદ્ધ આનંદમૂર્તિ છે એમ કહ્યું છે. આ પ્રમાણે મુખ્યતા ગૌણતા કરવી. લૌકિકમાં પણ મુખ્યતા ગૌણ કરે છે. નાનાભાઈના લગ્ન હોય ત્યારે તેનામાં બીજા ગુણો ન હોવા છતાં ત્રણ દિવસ માટે મોટો ઠરાવી વરરાજા કહે છે અને બીજી બાબત ગૌણ કરી નાખે છે. આ દૃષ્ટાંતો છે. હવે આ સિદ્ધાંત પ્રમાણે અધ્યાત્મમાં વાત કરે છે. મૂળ વાત કરવા માટે દૃષ્ટાંત આપીને આ ભૂમિકા બાંધી છે. હવે મહાસિદ્ધાંત કહે છે. અધ્યાત્મશાસ્ત્રનો મર્મ હવે કહે છે.

અહીં એ જ આશયથી અધ્યાત્મ કથનીમાં મુખ્યને તો નિશ્ચય કહ્યો છે તથા ગૌણને વ્યવહાર કહ્યો છે. મુખ્યને નિશ્ચય કહ્યો એમાં સિદ્ધાંત છે. નિશ્ચયને મુખ્ય કહ્યો નથી કેમકે અધ્યાત્મમાં નિશ્ચયનયનો વિષય જ મુખ્ય રહે છે તેથી મુખ્યને નિશ્ચય અને નિશ્ચયને મુખ્ય કહેવામાં મોટો આંતરો છે. ગૌણને વ્યવહાર કહેલ છે. અધ્યાત્મમાં વ્યવહાર કદી મુખ્ય થાય નહીં. એક આત્મામાં નિશ્ચય અને વ્યવહાર બન્ને સાથે છે. એમાં આત્મા અખંડ ધ્રુવ એકરૂપ છે. તેની મુખ્યતા તે જ નિશ્ચય છે કેમ કે દ્રવ્યસ્વભાવના આશ્રયે ધર્મ પ્રગટે છે. ટકે છે અને વધે છે તે પ્રયોજન દ્રવ્યથી સધાય છે માટે

અધ્યાત્મમાં મુખ્યને નિશ્ચય કહ્યો છે. વ્યવહારથી કે નિમિત્તથી ધર્મનો પર્યાય પ્રગટ થતો નથી, ટકતો નથી અને વધતો પણ નથી. તેથી અધ્યાત્મમાં વ્યવહારની મુખ્યતા કદી થતી નથી. અધ્યાત્મમાં આત્માના આશ્રયે સાધકપણું છે. વ્યવહારથી સાધકપણું નથી. તેથી એમાં કદી વ્યવહારનું મુખ્યપણું થતું નથી પણ ગૌણપણું જ રહે છે. નિશ્ચયનું ગૌણપણું કદી થતું નથી. કેમકે પ્રયોજન તો અખંડ દ્રવ્યના આશ્રય શુદ્ધ પર્યાય પ્રગટ કરવી તે છે, તેથી મુખ્ય તે નિશ્ચય છે અને ગૌણ તે વ્યવહાર છે. માટે નિશ્ચયને ભૂતાર્થ કહેલ છે અને વ્યવહારને ગૌણ કરી અભૂતાર્થ કહેલ છે. [ક્રમશઃ]

卐

અધ્યાત્મવિદ્યાભૂમિ સોનગઢમાં—

## 卐 પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ 卐

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાભૂમિ શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૭૮મી જન્મજયંતી (તા. ૨૩-૮-૯૧ થી તા. ૨૭-૮-૯૧) પહેલાં અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થી પ્રૌઢ જૈન મહાનુભાવો માટે તા. ૮-૮-૯૧, ગુરુવારથી તા. ૨૨-૮-૯૧, ગુરુવાર—પંદર દિવસનો પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવ્યો છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

**સૂચના** :—બહાર ગામથી આવેલા શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. પોતાનું બેડિંગ તેમ જ અન્ય આવશ્યક વસ્તુ તથા સમયસાર, મોક્ષમાર્ગપ્રકાશક, જૈન સિદ્ધાંત-પ્રશ્નોત્તરમાળા, છહાળા—પાઠ્ય પુસ્તક—પોતાની પાસે હોય તો અવશ્ય સાથે લાવે.

# ત્રૈલોકચદુ:ખહર પ્રભુભક્તિ

[ શ્રી ભક્તામર સ્તોત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ ભક્તામર સ્તોત્ર આદિનાથની સ્તુતિ છે. ભક્તામરના નામથી પ્રસિદ્ધ છે. ભગવાનના શરીરને કોઈ ઉપમા નથી. સર્વજ્ઞની સત્તાનો સ્વીકાર કરનાર જ્યાં હોય ત્યાં ભગવાન સિવાય બીજાને ભાળતા નથી. ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવમાંથી પૂર્ણ દશા પ્રગટ થઈ છે તેને કોઈ ઉપમા લાગુ પડતી નથી. બાહ્યમાં પુણ્યથી આપ અધિક લાગો છો અને અંતરમાં પવિત્રતાથી અધિક લાગે છે. આપની પાસે જગતભરમાં ઊંચામાં ઊંચા જેટલા પરમાણુ છે તે બધા આપના શરીરમાં આવ્યા છે. અંદર શાંતિ વધી છે. તેની છાયા પાડતા હોય એમ દિવ્ય દેહ આપની મહિમા જાહેર કરે છે. તળાવની પાસે હવા ઠંડી લાગે તેમ આપનું શરીર પણ જોનારને તથા ચિંતવનારને શાતાકારી લાગે છે. હવે મુખનું વર્ણન કરે છે.

ત્રૈલોક સર્વ ઉપમાને જે જીતનારું,
ને નેત્ર દેવ-નર-ઉરગ હારી તારું;
ક્યાં મુખ ક્યાં વળી કલંકિત ચંદ્રબિંબ,
જે દિવસે પીળચટું પડી જાય ખૂબ! ૧૩.

હે ભગવાન! સર્વજ્ઞ! પરમાત્મા! હે દેવાધિદેવ! આપનું મુખ એવું છે કે ધરણેન્દ્ર વિદ્યાધરો વગેરે મહા સુંદર રૂપવાળા છે તેના કરતાં આપનું મુખ સુંદર છે. આપના શરીર અને મુખની અજોડ સુંદરતા કોઈ જીતી જાય એમ લાગતું નથી. તીર્થંકરોને પુણ્યના અનુભાગ ઉત્કૃષ્ટ થઈ જાય છે એવો નિયમ છે.

હે નાથ! આપનો દેખાવ જ એવો ઉત્તમ છે કે દેવ, મનુષ્ય અને ધરણેન્દ્રના નેત્રોને હરણ કરનાર છે. નિરન્તર આપની સામે જ જોઈ રહે છે ને આંખો હરાઈ જાય એવા પરમાણુ શાંત દેખાય છે. અમારું મકાન સારું, અમારી સ્ત્રી કંકુવરણી સારી એમ બાહ્ય પદાર્થમાં લોકો ઉપમા આપે છે પણ સર્વજ્ઞ ભગવાનનો ભાસ થતાં તેમાંથી કોઈ અધિક નથી.

હે નાથ! આપે સંપૂર્ણ રીતે ત્રણલોકની ઉપમા જીતી લીધી છે. આપના મુખે જગતની શોભા જીતી લીધી છે. નાક ગરુડ જેવું, આંખો હરણ જેવી, દાંત દાડમની કળી જેવા—એમ અજ્ઞાની કહે છે. પ્રભુ! આપના શરીરને જોતાં બધી ઉપમા જીતાઈ જાય છે. ભગવાનનું પુણ્ય જુદી જાતનું છે. કોઈ પદાર્થ તેની ઉપમા લઈ જાય એમ બને નહીં.

કમળની ઉપમા આપે તો તે ઉપમા લાગુ પડતી નથી. સૂર્ય દિવસે ઊગે ને ચંદ્ર રાત્રે પણ આપનું મુખ દિવસ-રાત પ્રકાશમાન હોય છે. વાસુદેવને શરીરબળ હજાર સિંહ જેટલું હોય છે, તો પછી તીર્થંકરની શી વાત કરવી.

કોઈ કહે કે આનું મુખ ચંદ્ર જેવું છે, કાન કુંડલ જેવા છે, આંખ સૌંદર્યવાન છે. આપને ચોવીસ કલાક પૂર્ણ સૌંદર્ય છે, પવિત્રતા પૂર્ણ પ્રગટી છે તેને શરીરરૂપી પાત્ર-ભાજન પણ એવું ઉત્તમ હોય છે. આપને ચંદ્રમાની ઉપમા આપે છે તે ભૂલ કરે છે. નોકર્મરૂપ જે શરીર પરમ-ઔદારિક હોય છે તે સવળાઈમાં નિમિત્ત છે. ભગવાનના શરીરને છેલ્લામાં છેલ્લી આકૃતિની નમણાઈ છે. ચંદ્રમાને તો હરણિયું કલંક છે—ઘાણું દેખાય છે. આપ તો નિષ્કલંક છો. આપના આત્માની જાત તથા શરીરની જાતમાં કલંક નથી. હવે ભગવાનના ગુણની વ્યાખ્યા કોની સાથે છે તે કહે છે.

સંપૂર્ણ ચંદ્રતણી કાંતિ સમાન તારા,<br>
રૂડા ગુણો ભુવન ત્રૈણ ઉલંઘનારા;<br>
ત્રૈલોકનાથ તુજ આશ્રિત એક તેને,<br>
સ્વેચ્છા થકી વિચરતાં કદિ કોણ રોકે? ૧૪.

પૂર્ણ કલાએ ખીલેલાં ચંદ્રમંડળ સમાન ઉજ્જ્વળ આપના ગુણ ત્રણે લોકને ઉલ્લંઘન કરે છે. કેમ કે જે ગુણ અજોડ છે અને ત્રણ લોકના નાથ ઇન્દ્ર અને તેના પણ નાથ આપ વીતરાગદેવને આશ્રિત ગુણો છે. અહો! તેના વિસ્તારને કોણ રોકી શકે.

જગતવ્યાપી પુણ્ય આપના ગુણની કીર્તિને જ બતાવે છે.

ત્રણ પ્રકાર વર્ણવે છે. પૂર્ણ ચંદ્રમાની કલાના સમૂહ સમાન આપ સ્વચ્છ છો. આપના ગુણો નિર્મળ છે. આપની સર્વોત્તમ કીર્તિ ચૌદ બ્રહ્માંડમાં પ્રસરે છે. અંતરમાં ગુણોનો વિકાસ પ્રસરે છે. આપના જન્મકલ્યાણક કાળે ચૌદ બ્રહ્માંડના જીવોને બે ઘડી શાતા થાય છે. સાતમી નારકીના જીવોને પણ જ્યાં ઉત્કૃષ્ટ અશાતાનો યોગ છે. ભગવાન જન્મે ને મોક્ષ જાય તો ત્યારે પણ તેને શાતા થાય છે. આપને કેવળજ્ઞાન થયું ને ઇન્દ્રના આસન કમ્પે છે. અવધિજ્ઞાનથી જુએ તો અહો!! મનુષ્યક્ષેત્રમાં ભગવાન તીર્થંકરને કેવળજ્ઞાન થયું. ચૌદ બ્રહ્માંડમાં હર્ષનો આંચકો આવે. જેમ લૌકિકમાં આંખ ફરકે છે તેમ અહીં આંચકા આવે છે. હે નાથ! આપની પવિત્રતાની તો શી વાત? પુણ્ય એવા છે કે જેના વિસ્તાર સર્વ લોકમાં પ્રગટ થાય છે. આપ જ્યારે માતાના ઉદરમાં આવો ત્યારે દેવો ગર્ભકલ્યાણક મનાવે અને જ્યારે જન્મ થાય ત્યારે દેવોના દેવલોકમાં ચાર જાતના જુદા જુદા વાજિંત્રો એની મેળે વાગવા લાગે છે. હે પ્રભુ! એ રીતે તારા ગુણની કીર્તિ જગતમાં વ્યાપી છે.

## હે નાથ! આપના પાંચે પંચકલ્યાણક જગતમાં મંગળરૂપ છે.

જગતના મુખ્ય અને પ્રસિદ્ધ જીવો જાણે એટલે આખું જગત જાણે કે તીર્થંકર—જગત-ઉદ્ધારકનો જન્મ થયો.

(૧) કલ્પવાસી દેવોને ત્યાં અનાહત ઘંટ વાગવા લાગે.

(૨) જ્યોતિષી દેવોને ત્યાં સિંહનાદનો મધુર ધ્વનિ થાય.

(૩) ભવનવાસી દેવોને ત્યાં પરહ નામે વાજિંત્ર વાગે અને

(૪) વ્યંતર જાતિના દેવોને ત્યાં તૂર્ય નામે વાજિંત્ર એની મેળે વાગવા માંડે એટલે દેવો પૂછે છે કે આ શું થયું? ત્યાંના ઇન્દ્ર (રાજા) ઉપયોગ મૂકીને જુએ તો અહો! ધન્ય છે! તીર્થંકર ભગવાનનો જન્મ થયો અથવા કેવળજ્ઞાન થયું! ઇન્દ્ર આસનથી નીચે ઉતરી તે દિશામાં સાત ડગ આગળ જઈ નમસ્કાર કરે છે. ઇન્દ્રો લાખો દેવોને લઈને નમસ્કાર કરવા જાય છે. ઉત્સવ મનાવે છે.

સંસારમાં કહે છે કે મારી કદર કરજો. મારા મૃત્યુ પછી હડતાળ પાળજો. અહીં તો તે વાત નથી. ભગવાનને કેવળજ્ઞાન થતાં બધા મહોત્સવ ઉજવે. ભગવાન! તમારી કીર્તિ દુનિયા આખીમાં પ્રસરે છે, લૌકિક રાજાની કીર્તિ આપની પાસે થોથા છે. તમારા ગાણા ન ગાય એવા જીવો અમને ભાસતા નથી. ત્રણ લોકમાં આપની કીર્તિ ન હોય એમ બને નહીં. ભગવાનની કીર્તિ એની મેળે પ્રસરી જાય છે. જલસા કરવા પડતા નથી. લૌકિકમાં માનપત્ર માટે તથા લગ્ન આદિ સંબંધી જલસા કરવા પડે તેમ અહીં નથી. કુદરતી બધાને ઉલ્લાસ આવે છે. આપનો આશ્રય કરી રહેલાં ભક્તોને ગુણોનો સ્વયં પોતાની યોગ્યતાથી વિકાસ થાય ને પુણ્ય વધે, ગગનમાં તેની કીર્તિ વધે પણ તેને કોઈ ઈશ્વર વગેરે કૃપા કરી તારી શકે એવું નથી. આ ભગવાન આત્માની મહિમા છે. ભગવાનનું સ્વરૂપ શાંત છે. ભગવાનની કીર્તિ ત્રણલોકમાં વ્યાપે છે. ત્રણજ્ઞાનના ધણી સર્વાર્થસિદ્ધિના દેવ એકાવતારી મનુષ્ય થઈ મોક્ષે જાય છે તેઓ આપના ગુણો ગાય છે. સાતમી નરકમાં આપના કલ્યાણક વખતે શાતા થાય છે. તેમાં કોઈ લાયક જીવને ખ્યાલ આવે છે કે હે જીવ! ભગવાનને કેવળજ્ઞાન થયું છે માટે ભગવાનનો ભક્ત થા. સંસાર, શરીર અને ભોગોની ભાવના છોડી દે.

**અંતરમાં પૂર્ણ સાધ્ય પરમાત્મશક્તિને ધ્યેય બનાવી અપ્રતિહત ભાવે જાગ્યો તે ભગવાનનો ભક્ત છે; તેને કોઈ રોકનાર નથી.**

હે ભગવાન! જેમ રાજાના દૂતને જેમ કોઈ ક્યાંય રોકી શકે નહીં. રાજ્યોમાં

એકબીજાને વિગ્રહમાં સંધી કરાવવામાં ચતુર–દક્ષ–હોંશીયાર દૂત હોય છે તેને વિરોધી રાજાની સભામાં કોઈ રોકી શકતું નથી.

જ્યારે ભરતનો દૂત બાહુબલી પાસે સભામાં અંદર જાય છે ત્યારે તેને કોઈ રોકતું નથી. "હું ભરતનો દૂત છું, મને કોઈ રોકી શકે નહીં." પ્રથમ તો ખૂબ નમ્રતા બતાવે છે. મીઠી ભાષાથી કહે છે કે 'ભરત ચક્રવર્તી તમારા ભાઈ છે. તમને ખૂબ પ્રેમથી ચાહે છે. છ ખંડના સ્વામી છે. તમારે નમવું જોઈએ.' એમ સાંભળતા બાહુબલી ચમકે છે. લાલ આંખો થઈ જાય છે. તે જોઈને દક્ષ દૂત કહે છે કે "ભરત ચક્રવર્તીની આજ્ઞા છે ફરમાન છે કે નમન કરો અને જો ન માનવું હોય તો યુદ્ધ માટે તૈયાર થાવ." અપમાન સમજી દૂતને મારવાનું કહે છે ત્યારે કહે "હું તો દૂત છું, અમે ચક્રવર્તીના હુકમથી આવ્યા છીએ. અમોને રોકી શકાય નહીં." તેમ અહીં હે નાથ! તારા ભક્તને કોઈ રોકી શકે નહીં. નાથ! તારી કીર્તિને પ્રતિબંધ નથી તેમ તારા સેવકની કીર્તિને કોઈ રોકી ન શકે. આપના આશ્રય કરનારના ગુણોને અને તેની કીર્તિને કોઈ રોકી ન શકે. પ્રભુ! જ્યાં જાઉં ત્યાં આપના કેવળજ્ઞાનને માંગુ છું. સ્વ–પરપ્રકાશક સમ્યગ્જ્ઞાનમાં આવા ગાણા ગાય છે. હવે વીતરાગપણું બતાવે છે. વીતરાગ દશા આદિ બ્રહ્માંડમાં આપનો મહિમા ફેલાવે છે.

આશ્ચર્ય શું! પ્રભુ તણા મનમાં વિકાર,
દેવાંગના ન કદી લાવી શકી લગાર;
સંહારકાળ પવને ગિરિ સર્વ ડોલે,
મેરુગિરિ શિખર શું કદી તોય ડોલે! ૧૫.

## હે નાથ! પ્રથમથી જ આપની ચિત્તવૃત્તિ અડોલ હતી

હે નાથ! આપે પૂર્ણ નિર્વિકારી સ્વરૂપ દશા પ્રગટ કરી તે પ્રગટ કરવા પહેલાં જ્યારે આપ ગૃહસ્થ દશામાં હતા ત્યારે અપ્સરાઓ આપને જરાપણ વિકાર કરાવી શકી નહીં. દેવલોકની ઇન્દ્રાણી કે અપ્સરામાં આપનું મન ચળાવી શકે એવી તાકાત નથી. આપ નિત્ય શાંતરસ નિમગ્ન છો–સર્વ નિમિત્ત જ્ઞેયમાત્ર છે. કોઈ નિમિત્તો વિકાર કરાવી શકતા નથી. આપ નિર્વિકારી સાક્ષી સ્વરૂપ દશામાં પડયાં તેથી સુંદર અપ્સરા આપ મોહ–રાગ–દ્વેષમાં નિમિત્ત નથી. કલ્પાંતકાળે પ્રચંડ પવન ફુંકાય છતાં મેરુ પર્વત નહિ ડગે, બાકી બીજા બધા ડુંગરાને તે પવન હલાવી નાંખશે, તેમ આપનું મન ડગાવવા કોઈ સમર્થ નથી. સમ્મેદ શિખર શાશ્વત્ તીર્થક્ષેત્ર છે તેનો અભાવ ન થાય. નીચે શાશ્વતો સાથિયો છે. જેટલી અનંત ચોવીશી થઈ તે બધા તીર્થંકરો ત્યાંથી જ મોક્ષે જાય છે. આ ભરતક્ષેત્રમાં અનંત ચોવીશી થશે તે બધાનું મોક્ષધામ સમ્મેદશિખર છે, મોક્ષકલ્યાણક ઇન્દ્રો ત્યાં ઉજવે છે. તે પર્વતમાં પણ ફેરફાર થાય પણ સ્થાન ફરે નહીં શાશ્વતપણું

જતું નથી, ભરતક્ષેત્રમાં પર્વતોમાં ફેરફાર થાય, ભાંગી જાય પણ મેરુ પર્વતનું શિખર કોઈ પવન હલાવી શકે નહીં. ત્યાં શાશ્વત પ્રતિમા રત્નની છે. ચંદ્ર, સૂર્ય, ૨૮ નક્ષત્રો, ૮૮ ગ્રહો, કોટી કોટી તારા સદાય એવા ને એવા રહે છે. ચંદ્ર, સૂર્ય, વિમાન (દેશ) છે તે શાશ્વત વસ્તુનો નાશ થતો નથી. જેમ મેરુ પર્વતનું શિખર ચળે નહીં તેમ આપ અવિકારી દશામાં પડયા પછી ગમે તેવી અપ્સરા આવે તોપણ લલચાવી શકે નહીં આપનું મન ચળે નહીં, બ્રહ્મચર્યના રંગમાં રંગાયેલા છે તેને કોઇ હલાવતું નથી.

અહીં કહે છે હે પ્રભુ! મેરુપર્વતનું શિખર કદી ચલતું નથી. તેમ આપ અડોલ છો. આપનું ધ્યેય અચલ છે. નિત્ય શાંત અવિકારી છે. અનંતા ગુણો પ્રગટયા, કયાંય ઉદ્ધતાઈ નથી. આપે મનને વશ કરી લીધું છે. આત્માની શ્રદ્ધા, જ્ઞાન, રમણતામાં વર્તે તેને કર્મ કે પ્રતિકૂળ સંયોગો ડગાવી જાય એમ બને નહીં. ભગવાન નેમિનાથ કિશોર-વયમાં હતાં. જલસ્નાન વખતે કૃષ્ણની રાણીઓ તેમની મશ્કરી કરવા લાગી. શ્રી નેમિનાથે સ્નાન કરી કપડું ધોવા જાંબુવતીને કહ્યું. જાંબુવતીએ કહ્યું "હું તો મહાન નારાયણ કૃષ્ણની રાણી છું, તમે દેરાણી લાવો, મને કોણ કહેનાર છે? શ્રી નેમિનાથ પ્રભુને જરા માન આવ્યું. આયુધશાળામાં જઈને શય્યા ઉપર સૂતા, ધનુષ્યનો ટંકાર કરી શંખ ફુંક્યો ને જણજણાટ થયો. એટલું તો તેમના શરીરનું સામર્થ્ય. શ્રી કૃષ્ણને એમ થયું કે ભગવાનને વિકાર છે પણ તેને કાંઈ ન હતું. ગૃહસ્થાશ્રમમાં રાણીઓ ચળાવવા સમર્થ નથી. તો પછી મુનિ દશામાં કોઈ ચળાવે એમ બને નહીં. [ક્રમશઃ]

---

ચર્ચા—સમ્યક્ત્વ સહજ હૈ કિ યત્નસાધ્ય હૈ?

સમાધાન—જૈસે કોઇ ધનાર્થી પુરુષ યથાયોગ્ય ઉદ્યમ કરે હૈ, ધનકી પ્રાપ્તિ ભાગ્ય-ઉદયસોં હોઈ હૈ. તૈસે પૂર્ણ ઉપાયસૂં ઉદ્યમી હોના યોગ્ય હૈ, સમ્યક્ત્વકી પ્રાપ્તિ કાળલબ્ધિસોં હોયગી અર જિસ કાર્યકો લબ્ધિ હોતી હૈ તિસ કાર્યકી સિદ્ધિ ઉદ્યમ બિના હોતી નાહીં. જબ હોયગી તબ ઉદ્યમસૂં હોયગી યહ નિયમ હૈ.

(પં. ભૂધરદાસજી, ચર્ચા-સમાધાન ચર્ચા-૧૫)

## વૈરાગ્ય સમાચાર :—

* જમશેદપુરનિવાસી શ્રી મંજુલાબેન બળવંતરાય પંચમીયા (વર્ષ–૫૮) તા. ૧–૪–૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લાઠીનિવાસી (હાલ કાંદિવલી–મુંબઈ) શ્રી છોટાલાલ કેશવજી ભાયાણી (વર્ષ–૭૮) તા. ૧૬–૫–૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રીના સતસમાગમમાં આવીને ઘણો લાભ લીધો હતો. તેમને તત્ત્વનો ઘણો પ્રેમ હતો તથા દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ઘણા બહુમાન–ભક્તિ હતા.

* સાવરકુંડલાનિવાસી (હાલ–ઘાટકોપર–મુંબઈ) શ્રી હરીબેન જયંતીલાલ દોશી (વર્ષ–૯૨ લગભગ) તા. ૮–૫–૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમરેલીનિવાસી (હાલ–રાજકોટ) શ્રી મનુભાઈ મૂળજીભાઈ ખારા (વર્ષ–૬૨) તા. ૨–૭–૯૧ના રોજ બ્રેઈન–હેમરજ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ રંગુનથી આવ્યા બાદ વીશ વર્ષોથી રસપૂર્વક તત્ત્વનો ખૂબ લાભ લેતા હતા.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ–ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ–ગુરુ–ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

* દૈવ ઔર મૃત્યુ દોનોંકા હી નિરાકરણ નહીં હો સકતા તબ રક્ષણ યા શરણકે લિયે કિસીકા ભી અનુસરણ કરના યા કિસીકે સામને દીનતા પ્રકાશિત કરના વ્યર્થ હી હૈ. ક્યોંકિ ન તો કોઈ મેરે ભાગ્યમેં પરિવર્તન કર સકતા હૈ ઔર ન મેરી મૃત્યુકો હી રોક સકતા હૈ. યે દોનોં કાર્ય અવશ્યકભાવી હૈં અતઃએવ ઇનકે લિયે ધૈર્યકા અવલંબન લેના હી સત્‌પુરુષોંકો ઉચિત હૈ. (પં. આશાધર, અનગાર ધર્મામૃત, અધિ–૬. ગાથા–૬૦

તા. ૫-૭-૯૧

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

આપણા પરમોપકારી સ્વાનુભવપ્રધાન અધ્યાત્મબોધદાતા પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ધર્મવૃદ્ધિકારી પ્રતાપથી તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં આપણા આદરણીય પંડિતજી શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના માર્ગદર્શનમાં ધર્મ-પ્રભાવનાના અંગરૂપ બધી ધાર્મિક ગતિવિધિ પૂર્વવત્ નિયમિત ચાલી રહી છે. પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ, જિનેન્દ્રદર્શન-પૂજા પૂજ્ય ગુરુદેવશ્રીનું પરમાગમ શ્રી સમયસાર પર (૧૯૬૧નું) ટેપ-પ્રવચન, પુરુષો માટે પંચાસ્તિકાયસંગ્રહ પર પુરુષો માટે ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે શ્રી નિયમસાર શાસ્ત્ર પર શાસ્ત્રવાંચન, સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય બહેનશ્રીના વિશાળ ભવ્ય ચિત્રપટ સમક્ષ સ્તુતિ, જિનેન્દ્રભક્તિ અને સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય પર ટેપ પ્રવચન—ઇત્યાદિ કાર્યક્રમ નિયમિત ચાલી રહ્યો છે. પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચા સાંભળીને અનેક સમાગત મુમુક્ષુ મહેમાન અનુભવવાણીનો સાક્ષાત્ લાભ મળવા જેવો અનુભવ કરતાં અત્યંત પ્રમોદ વ્યક્ત કરે છે.

* અષ્ટાહ્નિકા પર્વ :—અષાઢ માસની શ્રી નંદીશ્વર-અષ્ટાહ્નિકા તા. ૧૯-૭-૯૧, શુક્રવારથી તા. ૨૬-૭-૯૧ સુધી શ્રી નંદીશ્વર-જિનાલયમાં પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમ-પૂર્વક ઉજવવામાં આવશે.

* વીરશાસન જયંતી :—અષાઢ વદ ૧, તા. ૨૭-૭-૯૧, શનિવારના રોજ શ્રી વીરશાસન જયંતી પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

* ગુજરાતી તેમ જ હિન્દી આત્મધર્મની જૂના વર્ષોની ફાઇલો કે છૂટા અંકોની કોઈ મુમુક્ષુમંડળ કે મુમુક્ષુઓને સ્વાધ્યાય માટે કે પ્રચાર માટે જરૂર હોય તો તેઓને આત્મધર્મ વિભાગ, સોનગઢ તરફથી નિઃશુલ્ક આપવામાં આવશે. પોસ્ટેજ મોકલીને અથવા સોનગઢથી રૂબરૂ આવીને પ્રાપ્ત કરી શકશે.

---

સૂચના—"આત્મધર્મ"નું નવું વર્ષ આ અંકથી શરૂ થઈ ગયું છે. જો આપે હજુ સુધી નવા વર્ષનું લવાજમ મોકલ્યું ન હોય તો સત્વરે રૂપિયા નવ મોકલી સંસ્થાને વ્યવસ્થામાં સહકાર આપશો.